ॐ परम तत्वाय नारायणाय गुरुभ्यो नमः ॐ परम तत्वाय नारायणाय गुरुभ्यो नमः

વાંચો અંદરના પેજ પર



પ્રદેશ સહ પ્રવક્તા દ્વારા પત્રકાર પરિષદ

RNI NO.(OLD)NEW :(93246)GUJGUJ/2007/20689 TITLE CODE:GUJGUJ11616

ગાંધીનગર, અમદાવાદ, સુરેન્દ્રનગર, મહેસાણા, સાબરકાંઠા, રાજકોટ, ભાવનગર, વડોદરા, જુનાગઢ અને સુરત જિલ્લાઓમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર દૈનિક

સ્થાપના : 31 મે 2007

# કિસાનરાજ

સમગ્ર ભારતનું કિસાનો માટેનું એકમાત્ર દૈનીક સમાચાર પત્ર

વાંચો અંદરના પેજ પર



સુરતમાં 'દિશા' બેઠક યોજાઇ

•સ્થાપક તંત્રી : હસુભાઈ ઠાકર •તંત્રી ડો. ઈલેવાન ઠાકર •Year - 20 •Issue 52 • SUNDAY-19-07-2026 •Price0.50/-(Paisa), Annual : 150/- •Page: 4+4

કાર્યાલય : 403, ચોથે માળ, અખબાર ભવન સેક્ટર-11, ગાંધીનગર-382011(ગુજ.) અમદાવાદ કાર્યાલય : 5 અવની હાઉસ બીજો માળ, મીઠાખડી રેલવે ક્રોસિંગ પાસે, મીઠાખડી ગામ, એલિસબ્રિજ, અમદાવાદ-380006 e-mail:kisanrajdaily@yahoo.com મો.:9978407016, 93288 95485

ઈન્ટરનેશનલ ટ્રાવેલમાં આવી અડચણ

# અમેરિકાએ ઈરાનના બંદર ખમીર અને બ્રિજો પર હુમલા કર્યા, સાત લોકોના મોત

## ઓપરેશન નસર 2 (Nasr 2) હેઠળ કરવામાં આવ્યા હુમલા : યુટિલિટી નેટવર્કને પણ નુકસાન થયું

**• તહેરાન**

અમેરિકા ઈરાન વચ્ચે સતત યુદ્ધ ચાલી રહ્યું છે. જેમાં અમેરિકાએ ઈરાનના બંદર ખમીરને નિશાન બનાવ્યું છે. તેમજ હોર્મોઝગન પ્રાંતમાં પુલોને નિશાન બનાવવામાં આવ્યા હતા. જેમાં સાત લોકોના મૃત્યુના અહેવાલ આવ્યા છે.

અમેરિકાનો હાઈવે અને રેલ્વે પુલો પરના હુમલાઓનો હેતુ ઈરાનના મુખ્ય બંદર, બંદર અબ્બાસ અને દેશના પ્રદેશો અને રાજધાની તહેરાન તરફ જતા રોડ નેટવર્ક વચ્ચેનો સંપર્ક તોડવાનો હતો. સોશિયલ મીડિયા પરના વીડિયોમાં બંદર ખામીર સહિત અનેક પુલો તૂટેલા અથવા નાશ પામેલા જોવા મળે છે.

અમેરિકાએ હવે ઈરાન પર હવાઈ હુમલા તેજ કર્યા છે. જેમાં ઈરાનના અનેક આર્મી બેઝ અને પુલો અને પાવર ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન બનાવ્યા છે. જેમાં ઈરાનના ચાબહાર પોર્ટ પર એક કન્ટ્રોલ ટાવર તોડી પાડવામાં આવ્યો છે. આ હુમલો અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા હોર્મુઝ સ્ટ્રેટ પર તેની પકડ ઢીલી કરવા માટે દબાણ કરવા માટે કરવામાં આવ્યો હોવાનું માનવામાં આવી રહ્યું છે. ઈરાન અને અમેરિકા વચ્ચે વધેલા તણાવના કારણે કુવૈત પર તેહરાને અનેક મિસાઈલો દાગી. તેનાથી તમામ હવાઈ સેવાઓ તાત્કાલિક રોકવી પડી અને અખાતી દેશના પાવર ગ્રીડ તથા પાણીને ખારાશમુક્ત (ડિસેલિનેશન) કરતા ઈન્ફ્રાસ્ટ્રક્ચરના મહત્વના ભાગોને નુકસાન પહોંચ્યું.

શનિવાર વહેલી સવારથી જ સમગ્ર કુવૈતમાં હવાઈ હુમલાના સાયરન વારંવાર વાગતા રહ્યા. ઈરાનથી દાગવામાં આવેલી મિસાઈલો કુવૈતના હવાઈ ક્ષેત્રમાં પ્રવેશ્યા બાદ સત્તાધિકારીઓએ લોકોને સુરક્ષિત સ્થળોએ જવા અને ઘરોની અંદર જ રહેવાની ચેતવણી આપી.

હુમલાની માહિતી આપતાં ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) એ જણાવ્યું કે તેની સેનાએ કુવૈતમાં આરિફજાન ગ્રાઉન્ડ ફોર્સીસ સપોર્ટ સેન્ટરને નિશાન બનાવ્યું છે. આઈઆરજીસી (IRGC) નો દાવો છે કે તેના ઓપરેશન નસર 2 ના 18મા તબક્કા હેઠળ કરવામાં આવેલા આ હુમલામાં ત્યાં તૈનાત કેટલાય અમેરિકન સૈનિકો માર્યા ગયા છે.

આ ઉપરાંત, આઈઆરજીસીએ દાવો કર્યો છે કે તેણે એક ટાર્ગેટેડ ડ્રોન હુમલો કર્યો, જેમાં કુવૈતમાં આવેલા અમેરિકી અલી અલ સલેમ બેઝ પર લગાવેલી રડાર સિસ્ટમને સફળતાપૂર્વક નષ્ટ કરી દેવામાં આવી. દરિયાઈ અને કોમ્યુનિકેશન મોરચે તણાવ વધુ વધારતા ઈરાનના સરકારી મીડિયાએ નેવીના હવાલાથી જણાવ્યું કે તેમની યુનિટ્સે કુવૈતના અલ અહમદી પોર્ટ પર આવેલા અમેરિકી નેવીના ફ્યુઅલ સપોર્ટ પિયર (બળતણ પુરવઠા કેન્દ્ર) વિરુદ્ધ ડ્રોન અને મિસાઈલો તૈનાત કરી હતી.

આઈઆરજીસીએ એવો પણ દાવો કર્યો છે કે તેણે દેશની અંદર આવેલા અમેરિકી સિગ્નલિંગ અને કોમ્યુનિકેશન હબ પર હુમલો કરીને તેને નષ્ટ કરી દીધું છે.

આ હુમલાઓને કારણે ઈન્ટરનેશનલ ટ્રાવેલમાં તાત્કાલિક અડચણ ઊભી થઈ. અલ જઝીરાના અહેવાલ મુજબ, સરકારી સત્તાધીશો દ્વારા નેશનલ એરસ્પેસને સંપૂર્ણપણે બંધ કરી દેવાયા બાદ કુવૈત એરવેઝે કુવૈત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર તમામ ફ્લાઈટ ઓપરેશન્સ રોકી દીધા છે.

ફ્લેગ કેરિયરે પુષ્ટિ કરી છે કે પ્રાદેશિક સુરક્ષા (રીજનલ સિક્યોરિટી) ઝડપથી બગડવાને કારણે દેશના મુખ્ય એવિએશન હબ પર આવતી અને જતી બંને ફ્લાઈટ્સને રોકી દેવામાં આવી છે.

આ સાથે જ આ હુમલાઓથી સ્થાનિક યુટિલિટી નેટવર્કને સીધું નુકસાન પહોંચ્યું છે. રિપોર્ટ અનુસાર, કુવૈતના વીજળી, પાણી અને નવીનીકરણીય ઉર્જા મંત્રાલયે પુષ્ટિ કરી છે કે ઈરાનના તાજેતરના બોમ્બમારા પછી વીજળી અને પાણીના ડિસેલિનેશન પ્લાન્ટના એક ભાગમાં આગ લાગી ગઈ.



## નેશનલ-ઈન્ટરનેશનલ

### 'આંદોલન દબાવવાથી ઉકેલ નહીં આવે' : અન્ના હજારે

**નવી દિલ્હી** : :દિલ્હી પોલીસ તરફથી સોનમ વાંગચુકને સફદરજંગ હોસ્પિટલ લઈ જવાયા બાદ અન્ના હજારેએ પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે, વાંગચુક 20 દિવસ સુધી અનશન પર રહ્યા છે, તેથી સરકારે તેમના ધીરજની પરીક્ષા લેવી જોઈએ નહીં. અન્ના હજારેનું કહેવું છે કે, 'સરકારે આ મામલે મૌન તોડવું જોઈએ. માંગણીઓ પર હા કહેવામાં આવે કે ના, પરંતુ વાતચીત થવી ખૂબ જરૂરી છે, કારણ કે કોઈ પણ મુદ્દાનો ઉકેલ માત્ર સંવાદથી જ નીકળે છે. 20 દિવસ સુધી અનશન કરનાર વ્યક્તિની ધીરજની પરીક્ષા લેવી બિલકુલ યોગ્ય નથી. સરકારે પોતાનો પક્ષ પણ રાખવો જોઈએ, અને સામે પક્ષની વાત પણ સાંભળવી જોઈએ, તો જ ઉકેલનો રસ્તો સાફ થઈ શકે છે.વાસ્તવમાં સોનમ વાંગચુક પોતાની માંગણીઓને લઈને જંતર-મંતર પર અનશન કરી રહ્યા હતા. શનિવારે તેમના અનશનનો 21મો દિવસ હતો. લાંબા સમય સુધી અન્નનો ત્યાગ કરવાના કારણે તેમની તબિયત બગડવા લાગી હતી, જેના પગલે દિલ્હી પોલીસ તેમને સફદરજંગ હોસ્પિટલ લઈ ગઈ હતી. હોસ્પિટલના જણાવ્યા અનુસાર, ઘન ખોરાક ન લેવાના કારણે તેમના શરીરમાં નબળાઈ આવી ગઈ છે, અને પાણીની અછત (ડીહાઈડ્રેશન)ના લક્ષણો પણ જોવા મળ્યા છે.

### વોશિંગ્ટન સુંદરના સ્થાને ઓલરાઉન્ડર દુબેની એન્ટ્રી

**મુંબઈ** : ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે 19 જુલાઈ (રવિવાર) ના રોજ લોર્ડ્સમાં વનડે શ્રેણીનો ત્રીજો અને નિર્ણાયક મુકાબલો રમાવાનો છે. શ્રેણી હાલમાં 1-1ની બરાબરી પર છે. આવી સ્થિતિમાં જે પણ ટીમ આ મુકાબલો જીતશે, તે શ્રેણી પોતાના નામે કરી લેશે. મુકાબલો ભારતીય સમય અનુસાર બપોરે 3.30 વાગ્યે શરૂ થશે.લોર્ડ્સ વનડે પહેલા ટીમ ઈન્ડિયાને મોટો ઝટકો લાગ્યો હતો. સ્ટાર ઓલરાઉન્ડર વોશિંગ્ટન સુંદર ઈજાના કારણે આ મેચમાંથી બહાર થઈ ગયા હતા. હવે વોશિંગ્ટન સુંદરના રિપ્લેસમેન્ટની જાહેરાત કરી દેવામાં આવી છે. તેમની જગ્યાએ ઘરેલું ક્રિકેટમાં શાનદાર પ્રદર્શન કરનારા સ્પિન બોલિંગ ઓલરાઉન્ડર હર્ષ દુબેને ભારતીય ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ આજે શનિવારે સત્તાવાર પુષ્ટિ કરી છે.

### શરદ પવારની NCP અને NDA વચ્ચે કઈ મોટી ડીલની ચર્ચા

**મુંબઈ** : મહારાષ્ટ્રના રાજકારણમાં શું ફરી એકવાર મોટો ભૂકંપ આવવા જઈ રહ્યો છે? છેલ્લા એક અઠવાડિયાથી રાજકીય વર્તુળોમાં એવી ચર્ચાઓ જોર પકડી રહી છે કે રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી(SP)ના વડા શરદ પવાર ભાજપ સાથે સંપર્ક સાધી રહ્યા છે. જોકે, સૂત્રોના જણાવ્યા અનુસાર, ભાજપ હાઈકમાન્ડ શરદ પવારની પાર્ટીને એક સ્વતંત્ર પક્ષ તરીકે NDA(નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ)માં સામેલ કરવા ઉત્સુક નથી. ભાજપની શરત છે કે ગઠબંધનમાં જોડાતાં પહેલા શરદ પવારની પાર્ટીએ સુનેત્રા પવારની આગેવાની હેઠળની NCP સાથે ફરી એકઠા થવું પડશે. આ સાથે જ ભાજપે શરદ પવારની પાર્ટીના ભાજપમાં વિલીનીકરણની શક્યતાઓને પણ સંપૂર્ણપણે નકારી કાઢી છે.શિવસેના અને એનસીપી(NCP)માં પડેલા ભાગલા બાદ મહારાષ્ટ્રમાં ભાજપ સૌથી શક્તિશાળી પક્ષ તરીકે ઉભરી આવ્યો છે. ભાજપ સારી રીતે જાણે છે કે જો શરદ પવારની પાર્ટીને અલગથી ગઠબંધનમાં લાવવામાં આવે તો તેના વર્તમાન સહયોગી પક્ષોમાં અસંતોષ અને અસ્થિરતા ઊભી થઈ શકે છે. આ સ્થિતિને ટાળવા માટે ભાજપે એક મોટી ઓફર આપી છે કે જો એનસીપીના બંને જૂથો ફરી એક થઈ જાય, તો આગામી સમયમાં બંને જૂથોમાંથી એક-એક નેતાને કેન્દ્ર સરકારમાં મંત્રીપદ આપવા અંગે વિચારણા થઈ શકે છે.

### દુનિયાની કોઈ તાકાત વિદ્યાર્થીઓને રોકી નહીં શકે : રાહુલ ગાંધી રિટર્ન

**નવી દિલ્હી** : સોનમ વાંગચુકને ધરણા પ્રદર્શન પરથી હટાવ્યા બાદ દિલ્હી પોલીસે તેમને સફદરજંગ હોસ્પિટલમાં એડમિટ કર્યા છે. આ કાર્યવાહીને લઈને સરકાર વિપક્ષના નિશાના પર આવી ગઈ છે. હવે કોંગ્રેસ નેતા અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ એક્સ (X) પર એક પોસ્ટ શેર કરી છે, જેમાં તેમણે પીએમ મોદી પર આકરા પ્રહારો કર્યા છે.રાહુલ ગાંધીએ જણાવ્યું કે, 'મોદી સરકારનો મુખ્ય સિદ્ધાંત અસત્ય અને હિંસા છે. સોનમ વાંગચુકજી જ્યારે એક અહિંસક ભૂખ હડતાળ પર બેઠા હતા, ત્યારે તેમને જંતર-મંતર પરથી હટાવવા તે તદ્દન ખોટું છે. પેપર લીક, શિક્ષણનો વધતો ખર્ચ અને વિદ્યાર્થીઓના સુસાઈડ એ ભારતના ભવિષ્ય માટે ગંભીર મુદ્દાઓ છે. 'રાહુલ ગાંધીએ વધુમાં ઉમેર્યું કે, 'કોઈપણ તાકાત ભારતના વિદ્યાર્થીઓને અને અમારામાંથી જે લોકો તેમના પર વિશ્વાસ રાખે છે, અને તેમને પ્રેમ કરે છે, તેમને આ મુદ્દાઓ ઉઠાવતા રોકી શકશે નહીં.' 18 જુલાઈની સવારે અનિશ્ચિત મુદ્દતની ભૂખ હડતાળ પર બેઠેલા સોનમ વાંગચુકના ઉપવાસના 21માં દિવસે તબિયત લથડતા દિલ્હી પોલીસે તેમને સફદરજંગ હોસ્પિટલમાં એડમિટ કર્યા છે. પોલીસે પોતાના નિવેદનમાં જણાવ્યું છે કે, આ કાર્યવાહી મેડિકલ એક્સપર્ટ્સની સલાહ અને દિલ્હી હાઈકોર્ટના નિર્દેશોના આધારે કરવામાં આવી છે. લાંબા સમય સુધી ભૂખ હડતાળ અને શરીરમાં પાણીની અછત (ડીહાઈડ્રેશન) થવાના કારણે તેમની હાલત ખૂબ જ નબળી પડી ગઈ હતી.

# અમેરિકા-ઈરાન વચ્ચે ભયાનક સ્તરે યુદ્ધ, હોર્મુઝ સ્ટ્રીટ પર જહાજો પર હુમલા શરૂ

**• વોશિંગ્ટન**

અમેરિકા અને ઈરાન વચ્ચેનો લશ્કરી સંઘર્ષ હવે અત્યંત ભયાનક અને વિનાશક સ્તરે પહોંચી ગયો છે. સમુદ્ર, આકાશ અને જમીન પર બંને દેશો સામસામે આવી ગયા છે. ઈરાને અમેરિકાનું કરોડો ડોલરનું ડ્રોન તોડી પાડવા ઉપરાંત જોર્ડન અને કુવૈતમાં આવેલા યુએસ સૈન્ય મથકો પર મિસાઈલમારો કર્યો હોવાનો દાવો કર્યો છે. બીજી તરફ, અમેરિકાએ વળતો પ્રહાર કરી ઈરાન પર ભીષણ એરસ્ટ્રાઈક શરૂ કરી દીધી છે.ઈરાની મીડિયા અને ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC)ના અહેવાલો અનુસાર, ઈરાની સેનાએ બુશેહર પર ઉડી રહેલા અમેરિકાના અત્યાધુનિક MQ-9 રીપર ડ્રોનને તોડી પાડ્યું છે. આશરે 3.4 કરોડ ડૉલરની કિંમતનું આ ડ્રોન થોડી જ મિનિટોમાં હવામાં નાશ પામ્યું હોવાનો દાવો કર્યો છે.વૈશ્વિક વેપાર માટે અત્યંત મહત્વપૂર્ણ ગણાતો હોર્મુઝ સ્ટ્રેટનો દરિયાઈ માર્ગ હાલ સંપૂર્ણપણે બંધ થઈ ગયો છે. IRGC નૌકાદળની ચેતવણીને અવગણીને આગળ વધેલા બે ઓઈલ ટેન્કરો ખાણ ક્ષેત્ર (Minefield) માં પ્રવેશતા જ ભયાનક વિસ્ફોટો સાથે સળગી ઉઠ્યા હતા. IRGCએ જાહેરાત કરી છે કે યુએસ સૈન્યની કાર્યવાહીના કારણે હોર્મુઝ સ્ટ્રેટ હવે અત્યંત અસુરક્ષિત છે અને તેને સંપૂર્ણપણે બંધ કરી દેવાયો છે. આ ઘટનાને પગલે વૈશ્વિક તેલ બજારમાં ભારે ગભરાટ ફેલાયો છે.ઈરાને અમેરિકાને ઘેરવા માટે તેના પાડોશી દેશોમાં આવેલા યુએસ સૈન્ય કેમ્પોને નિશાન બનાવ્યા છે.

# બળવાખોર 26 સાંસદોને લોકસભા સ્પીકરે આપી મંજૂરી, ઉદ્ધવ-મમતાને મોટો ઝટકો

**• નવી દિલ્હી**

લોકસભા સ્પીકર ઓમ બિરલાએ શિવસેના (UBT)ના 6 સાંસદોના શિવસેના (શિંદે) જૂથમાં વિલયને મંજૂરી આપી દીધી છે. આ સાથે જ TMCથી અલગ થઈને NCPIમાં સામેલ થયેલા 20 સાંસદોને પણ લોકસભામાં અલગ બેસવાની માન્યતા મળી ગઈ છે. બીજી તરફ, સંસદના ચોમાસુ સત્ર (Monsoon Session) પહેલા કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ તૃણમૂલ કોંગ્રેસના બળવાખોર નેતા અને સાંસદ સુદીપ બંદોપાધ્યાય અને અન્ય 19 લોકસભા સાંસદોને રવિવારના રોજ યોજાનારી સર્વદળીય બેઠકમાં સામેલ થવા માટે આમંત્રણ આપ્યું છે.પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં મમતા બેનર્જીની હાર બાદ, TMCના બળવાખોર 20 સાંસદો નેશનલ સિટિઝન્સ પાર્ટી ઓફ ઈન્ડિયા (NCPI)માં સામેલ થઈ ગયા છે. આ સાંસદોએ લોકસભા સ્પીકર ઓમ બિરલા સાથે મુલાકાત કરીને આ વિલયને સત્તાવાર માન્યતા આપવાની માંગ કરી હતી. કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ પત્રમાં જણાવ્યું છે કે, તાજેતરમાં જ તમે અન્ય 19 સાંસદો સાથે NCPIમાં જોડાયા છો, અને લોકસભા સ્પીકર પાસે અલગ ઓળખ માટે વિનંતી કરી છે, જે હાલ વિચારાધીન છે. આગામી ચોમાસુ સત્રમાં ગૃહ સમક્ષ આવનારા મહત્વના મુદ્દાઓ અને કાયદાકીય કામો પર ચર્ચા કરવા માટે લોકસભા અને રાજ્યસભાના રાજકીય પક્ષોના ફ્લોર લીડર્સની બેઠકમાં તમને આમંત્રિત કરતા મને આનંદ થાય છે. સંસદના બંને ગૃહોની કામગીરી સુચારૂ રૂપે ચાલે તે માટે હું તમારા સહકારની અપેક્ષા રાખું છું.

અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પથી કુદરત રૂઠી

# જંગલોમાં આગ વચ્ચે પૂરનો કહેર, 10 લોકો પ્રભાવિત

## ટેક્સાસમાં પૂરનો પ્રકોપ અને રેકોર્ડબ્રેક વરસાદ

**• વોશિંગ્ટન**

**અમેરિકા આ** સમયે કુદરતના ત્રિપલ એટેક એટલે કે એકસાથે ત્રણ મોટી કુદરતી આપત્તિઓનો સામનો કરી રહ્યું છે. દેશના અલગ-અલગ ભાગોમાં પૂર, જંગલોની આગ અને ઝેરી ધુમ્મસના કારણે હાહાકાર મચી ગયો છે. સ્થિતિ એટલી ગંભીર છે કે વહીવટીતંત્ર દ્વારા કરોડો લોકોને ઘરોની અંદર જ રહેવાની કડક સલાહ આપવામાં આવી છે. અમેરિકાના ટેક્સાસ રાજ્યના હિલ કન્ટ્રી વિસ્તારમાં છેલ્લા ત્રણ દિવસથી સતત થઈ રહેલા ભારે વરસાદે તબાહી મચાવી છે. મંગળવારથી અત્યાર સુધીમાં કેટલાક વિસ્તારોમાં 27 ઈંચ કરતા પણ વધુ વરસાદ નોંધાયો છે, જેના કારણે પૂર જેવી ગંભીર સ્થિતિ સર્જાઈ છે. આ પૂરમાં અત્યાર સુધીમાં 2 લોકોના મોતના અહેવાલ છે, જ્યારે સેંકડો લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. નદીઓનું જળસ્તર સતત વધી રહ્યું હોવાથી સત્તાવાળાઓએ આગામી સમયમાં સ્થિતિ વધુ વણસવાની ચેતવણી આપી છે. બીજી તરફ, અમેરિકાના 15 રાજ્યોના જંગલોમાં લાગેલી આગ સંપૂર્ણપણે બેકાબૂ બની ગઈ છે. અમેરિકન એજન્સી નેશનલ ઈન્ટરએજન્સી ફાયર સેન્ટર (NIFC)ના જણાવ્યા અનુસાર, દેશભરમાં આ સમયે 68 મોટા જંગલો આગની ઝપેટમાં છે. પેસિફિક નોર્થવેસ્ટ ક્ષેત્રમાં વીજળી પડવાના કારણે અચાનક 17 નવી જગ્યાએ આગ ફાટી નીકળી હતી. આ ભયાનક આગ પર કાબૂ મેળવવા માટે 17,400થી વધુ ફાયર ફાઈટર્સ અને સૈનિકો, 140 હેલિકોપ્ટર તેમજ 4 મિલિટરી C-130 એર ટેન્કર્સ તહેનાત કરવામાં આવ્યા છે. આ વર્ષે અત્યાર સુધીમાં આશરે 37.2 લાખ એકર જમીન બળીને ખાખ થઈ ગઈ છે. આ બે આપત્તિઓ વચ્ચે કેનેડાના જંગલોની આગમાંથી નીકળેલા ધુમાડાએ અમેરિકાના મિડવેસ્ટ, નોર્થઈસ્ટ અને વોશિંગ્ટન ડીસી સહિતના પૂર્વીય ભાગોને પોતાની ઝપેટમાં લઈ લીધા છે.

TMCના બળવાખોરોને અભિષેક બેનર્જીની ખુલ્લી ઓફર

# મમતા બેનર્જી પાસે પરત આવો, હું 1 કલાકમાં રાજીનામું આપી દઈશ

## MP-MLAએ પાર્ટી છોડી, અભિષેકની કાર્યશૈલીને ગણાવી જવાબદાર

**• કોલકાતા**

**તૃણમૂલ કોંગ્રેસ** (TMC)માં ચાલી રહેલા રાજકીય સંકટ વચ્ચે અભિષેક બેનર્જીએ બળવાખોર નેતાઓને ખુલ્લી ચેલેન્જ આપી છે. અભિષેક બેનર્જીએ બળવાખોર MLA-MP અને ભાજપની સાંઠગાંઠનો પણ આરોપ લગાવ્યો છે. અભિષેક બેનર્જીએ કહ્યુ કે, બળવાખોર MLA મમતા બેનર્જીના નેતૃત્વ હેઠળ પાર્ટીમાં પાછા ફરે છે, તો એક કલાકની અંદર પોતાના પદ પરથી રાજીનામું આપી દેશે.પાર્ટીમાં ચાલી રહેલા બળવા વચ્ચે સાંસદ અભિષેક બેનર્જીએ કહ્યું, 'જે લોકો પાર્ટી છોડીને ચાલ્યા ગયા છે, અને આજે મને જવાબદાર ઠેરવી રહ્યા છે, કે અપશબ્દો બોલી રહ્યા છે, તેમને હું પડકાર ફેંકું છું કે, તેઓ દીદી (મમતા બેનર્જી) પાસે પાછા ફરે. જો તે પાછા આવશે તો હું 1 કલાકની અંદર પાર્ટીમાંથી રાજીનામું આપી દઈશ.' તેમણે આરોપ લગાવ્યો કે, બળવાખોર નેતાઓએ ભાજપ સાથે ડીલ કરી લીધી છે. અભિષેક બેનર્જીએ કહ્યું, 'બળવાખોરોએ ભાજપ સાથે ગોઠવણ કરી રાખી છે. પહેલા પાર્ટી છોડો, પછી બળવાખોર જૂથ કે ભાજપમાં સામેલ થઈ જાઓ, અને ત્યારબાદ તેનો દોષ અભિષેક બેનર્જી પર ઢોળી દો.' તેમણે ઉમેર્યું કે, જો પાર્ટીમાં બળવાનું કારણ તે પોતે જ હોય, તો બળવાખોરો પાછા ફરતાની સાથે જ તે પદ છોડવા તૈયાર છે. પાર્ટીમાં સર્જાયેલા સંકટ માટે કેટલાક નેતાઓએ અભિષેક બેનર્જીની કાર્યશૈલીને જવાબદાર ઠેરવી છે. સુખેન્દુ શેખર રોય, સુષ્મિતા દેવ અને પ્રકાશ ચિક બરાઈક જેવા તૃણમૂલ નેતાઓએ પાર્ટી છોડી દીધી છે. આ ત્રણેય રાજ્યસભાના સાંસદ હતા. બીજી તરફ કાકોલી ઘોષ દસ્તીદારના નેતૃત્વમાં પાર્ટીના 20 સાંસદોએ અલગ જૂથ બનાવીને NDAને સમર્થન આપવાનો દાવો કર્યો છે. આ સાંસદોમાં કાકોલી ઘોષ ઉપરાંત શર્મિલા સરકાર, પ્રસૂન બેનર્જી, જગદીશ ચંદ્ર બસુનિયા, અરૂપ ચક્રવર્તી, કાલીપદ સોરેન, શતાબ્દી રોય, જૂન માલિયા, માલા રોય, યુસુફ પઠાણ, રચના બેનર્જી, બાપી હલદાર, મિતાલી બાગ, ખલીલુર રહમાન, અબુ તાહેર ખાન, અસિત મલ, દેવ અધિકારી અને પાર્થ ભૌમિક સહિતના નેતાઓ સામેલ છે.

રાજનાથ સિંહે વાતવાતમાં દુશ્મનને ધમકાવ્યા

# આતંકવાદ સામે ઝીરો ટોલરન્સ એ નારો નહીં પણ ભારતની પોલિસી

## વિશ્વસનીય સુરક્ષાની દ્રષ્ટિએ ભાગીદાર

**• નવી દિલ્હી**

રક્ષામંત્રી રાજનાથ સિંહે પાકિસ્તાનને રોકડું પરખાવી દીધું છે. પોતાના સંબોધનમાં



તેમણે દેશની સુરક્ષા વ્યવસ્થા, આતંકવાદ સામે ઝીરો ટોલરન્સ પોલિસી, હિન્દ મહાસાગરમાં ભારતીય સૈનાની હાજરી અને સૈન્ય ક્ષેત્રે થનારા કેટલાક મોટા ઉત્પાદન પર મહત્ત્વની ચોખવટ કરી હતી. આ ઉપરાંત તેમણે ઑપરેશન સિંદૂરનો ઉલ્લેખ કરીને ભારતની શક્તિનો પરચો આપ્યો હતો. પોતાની વાત કરતા મંત્રીએ કહ્યું હતું કે, ભારત ઝડપથી એક વિશ્વસનીય વૈશ્વિક સુરક્ષા ભાગીદાર તરીકે ઊભરી રહ્યો છે અને હિંદ મહાસાગરથી લઈને હિંદ-પ્રશાંત સુધી તેની વ્યૂહાત્મક હાજરીનો વિસ્તાર કરી રહ્યું છે. એક કાર્યક્રમમાં પાકિસ્તાનને મજબૂત સંદેશ આપતાં સિંહે જણાવ્યું હતું કે નવી દિલ્હીએ આતંકવાદ પર પોતાનું વલણ વિશ્વ સમક્ષ સ્પષ્ટપણે રજૂ કર્યું છે, આતંકવાદ પ્રત્યે અમારી ઝીરો ટોલરન્સ પોલિસી અભિગમ ફક્ત એક નિવેદન નથી, પરંતુ કાર્યવાહીની નીતિ છે. આતંકવાદ સામે ફક્ત તેના દરવાજા પર જ નહીં, પરંતુ તેના ઘરમાં પ્રવેશીને પણ કાર્યવાહી હજુ પણ કરીશું.'ઓપરેશન સિંદૂર' દરમિયાન આખી દુનિયાએ આ જોયું છે. સંરક્ષણ મંત્રીએ સ્વદેશી સંરક્ષણ ઉત્પાદનમાં ભારતની સફળતા પર પણ પ્રકાશ પાડ્યો. તેમણે જણાવ્યું હતું કે, ભારતમાં બનેલા સંરક્ષણ ઉત્પાદનો લગભગ 100 દેશોમાં નિકાસ કરવામાં આવી રહ્યા છે, દેશના સંરક્ષણ ઉત્પાદનનું કુલ મૂલ્ય વાર્ષિક આશરે 1.78 લાખ કરોડના રેકોર્ડ સ્તરે પહોંચી ગયું છે.'

### સાંસદશ્રીએ સુરત જિલ્લાનાં ૧.૫૫ લાખથી વધુ ખેડૂતોને પી.એમ કિસાન સન્માન નિધિ હેઠળ પ્રાપ્ત રૂ.૪૮૬ કરોડની સહાય માટે અભિનંદન પાઠવ્યાં

# સાંસદ પ્રભુભાઈ વસાવાના અધ્યક્ષસ્થાને ડિસ્ટ્રીક્ટ ડેવલપમેન્ટ કો ઓર્ડીનેશન એન્ડ મોનિટરીંગ કમિટી-'દિશા' બેઠક યોજાઇ

**વિવિધ યોજનાઓ થકી શહેર અને ગ્રામ્ય વિસ્તારની બહેનોને રોજગારીની મહત્તમ તક મળી શકે તેવા પ્રયત્નો કરવાનો અનુરોધ કરતા સાંસદ પ્રભુભાઈ વસાવા**

**• જે બી ટાંક સુરત**

સુરત જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા ડિસ્ટ્રીક્ટ ડેવલપમેન્ટ કો-ઓર્ડિનેશન એન્ડ મોનિટરીંગ કમિટી(દિશા)ની બેઠક સાંસદપ્રભુભાઈ વસાવાના અધ્યક્ષસ્થાને જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડમાં યોજાઈ હતી. મેયરમાયાબેન માવાણી અને ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયાની વિશષ ઉપસ્થિતિમાં આયોજિત આ બેઠકમાં સાંસદશ્રીએ કેન્દ્ર પુરસ્કૃત વિવિધ જનકલ્યાણ યોજનાઓની વિસ્તૃત સમીક્ષા કરી હતી. બેઠકમાં સાંસદશ્રીએ કેન્દ્ર-રાજ્ય સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના તમામ લોકોને મળી રહે તે દિશામાં આયોજન કરી પાયાની જરૂરિયાતોને પ્રાથમિકતા આપવાની હિમાયત કરી હતી. તેમણે ૧ જુલાઈથી નવા નામ સાથે અમલી બનતી VB-G-RAM G (અત્યાર સુધી મનરેગા તરીકે જાણીતી) યોજના હેઠળ બદલાયેલા નિયમો વિષે તાલુકામાં યોજાનારી તાલીમની સાથે તલાટી અને ગ્રામ પંચાયત સુધી ડિજીટલ સંસાધનોથી માહિતી મોકલી મહત્તમ જાગૃતતા લાવવા સૂચન કર્યું હતું.

સાંસદશ્રીએ વિવિધ યોજનાઓ થકી શહેર અને ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારની બહેનોને રોજગારીની મહત્તમ તક મળી શકે તેવા પ્રયત્નો હાથ ધરવા તાકીદ કરી હતી. તેમજ સુરત જિલ્લાનાં ૧.૫૫ લાખથી વધુ ખેડૂતોને પી.એમ કિસાન સન્માન નિધિ હેઠળ પ્રાપ્ત રૂ.૪૮૬ કરોડની સહાય માટે અભિનંદન પાઠવ્યાં હતા. સાંસદશ્રીએ સ્વચ્છ ભારત મિશન હેઠળ વધતાં ઔદ્યોગીકરણ સાથે જમીન અને પાણીમાં વધી રહેલા પ્રદૂષણના પ્રશ્નોને તાકીદે નિવારવા તેમજ આગામી વર્ષ માટે વેસ્ટ મેનેજમેન્ટને પ્રાધાન્ય આપવા અને નિશ્ચિતરૂપે તે દિશામાં કાર્ય કરવા સંબંધિત વિભાગોને સૂચિત કર્યા હતા. તેમણે સુરત જિલ્લાને ટી.બી.મુક્ત બનાવવા સત્વરે જરૂરી પગલા લેવા અને યોગ્ય કાર્યપદ્ધતિ અપનાવવા માટે આરોગ્ય વિભાગને ટકોર કરી હતી. તેમજ ખેતી, મત્સ્યઉદ્યોગ અને પશુપાલકો માટેની વિવિધ યોજનાઓ હેઠળ શ્રેષ્ઠ કામગીરી કરી નિર્ધારિત લક્ષ્યાંક પ્રાપ્ત કરવા પ્રોત્સાહન આપ્યું હતું. વસાવાએ પ્રજાહિતના કાર્યોમાં સાંસદશ્રીની ગ્રાન્ટની આવશ્યકતા જણાય તો તે સંદર્ભે પોતાનું ધ્યાન દોરવા અનુરોધ કર્યો હતો. વધુમાં કેન્દ્ર-રાજ્ય સરકારની વાહનવ્યવહાર વિભાગની યોજનાઓ હેઠળ ગામડાઓમાં ટ્રાફિક જાગૃતિ લાવવા, જૂના વાહનોની કાર્યક્ષમતા ચકાસવા તેમજ અકસ્માતો નિવારવા ટ્રેક્ટરોમાં પાછળના ભાગે રિફ્લેક્ટરના ફરજિયાત ઉપયોગ અંગે ભારપૂર્વક જણાવ્યું હતું. કેન્દ્ર સરકારની 'ખેલો ઈન્ડિયા' યોજના હેઠળ રમત-ગમત વિભાગને શ્રેષ્ઠ સુવિધાસભર જિલ્લા કક્ષાનું સ્પોટ્ર્સ સંકુલ બનાવવા અને જિલ્લાના બાળકોને પ્રોત્સાહન આપવા તાકીદ કરી હતી. બેઠકમાં મેયરશ્રીએ શહેર અને જિલ્લાની ITI વિષયક યોજનાઓની સમીક્ષા કરતા સોલાર ટેકનિશીયન સહિતની વર્તમાન માંગને આધિન કોર્સ ચલાવવા અને તેમાં મહિલાઓની હિસ્સેદારીને પ્રાધાન્ય આપવા જણાવી કોર્સ બાદ યુવાઓને મળતી રોજગારીનો સર્વે કે બેરોજગારીનું તારણ કાઢવા માર્ગદર્શન આપ્યું હતું.



જિલ્લા કલેક્ટરતેજસ પરમારે દિશા બેઠક અન્વયે જુદા જુદા મુદ્દાઓ અંગે સંબંધિત ખાતા/કચેરીઓના અધિકારીઓને સોંપાયેલ કામો તેમજ લક્ષ્યાંકો સમયસર પૂર્ણ કરવા જરૂરી સૂચનો કર્યા હતા. દિશા બેઠકમાં ગ્રામ વિકાસ વિભાગ, ખેતીવાડી, પશુપાલન, મત્સ્ય ઉદ્યોગ, પંચાયતી રાજ, આવાસ અને શહેરી વિકાસ, આરોગ્ય અને જન કલ્યાણ, સ્વચ્છતા અને પીવાનું પાણી, જમીન અને મહેસુલ, શિક્ષણ, પેટ્રોલ અને નેચરલ ગેસ, કૌશલ્ય વિકાસ, મહિલા અને બાળ વિકાસ, વાહન વ્યવહાર અને હાઈવે, ખાણ-ખનીજ, દિવ્યાંગ સશક્તિકરણ, યુવા વિકાસ અને રમત-ગમત, ટેક્સ્ટાઈલ, કલા-સંસ્કૃતિ સહિતના ૩૫ કેન્દ્રીય વિભાગોની ૯૦ થી વધુ યોજનાઓની સમીક્ષા કરવામાં આવી હતી. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકએમ.બી.પ્રજાપતિએ બેઠકનું સંચાલન કર્યું હતું, જે સંદર્ભે સબંધિત વિભાગના ઉચ્ચ અધિકારીઓએ દરેક યોજનાઓમાં થયેલી કામગીરી રજૂ કરી હતી. આ પ્રસંગે જિ.પંચાયત પ્રમુખસમીર મોદી, જિ.વિકાસ અધિકારીદેવેન્દ્ર મીણા, તા. પંચાયત અને નગરપાલિકાના પ્રમુખો સહિત વિવિધ વિભાગોના અધિકારી/સભ્યો હાજર રહ્યા હતા.

## તંત્રીની કલમે

# ટ્રમ્પની ટ્રુથ સોશિયલપોસ્ટમાંથી પણ હવે ડોલર્સમાં કમાણી

: પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની મિડિયા કંપની ટ્રમ્પ મિડિયા એન્ડ ટેકનોલોજીએ તેની સોશ્યલ મિડિયા સર્વિસ ટ્રુથ સોશિયલમાંથી નાણાં રળવાની વ્યૂહરચના ઘડી કાઢી છે. ટ્રુથ સોશિયલની આ નવી સેવા ટ્રુથ પીએસઆઇ નામે ઓળખાશે અને તેના ગ્રાહકોને પ્રમુખ ટ્રમ્પના મેસેજીસ મિલિસેકન્ડમાં મળશે જેનો ઉપયોગ કરી ગ્રાહકો શેરબજાર કે કોમોડિટી માર્કેટમાં નાણાં રળી શકશે. આવતા મહિને શરૂ થનારી આ સેવા માટે કેટલા નાણાં ચાર્જ કરવામાં આવશે તે જણાવાયું નથી. ટ્રુથ સોશિયલ પર ટ્રમ્પના બાર કરોડ કરતાં વધારે ફોલોઅર્સ છે. છેલ્લા થોડા મહિનાઓથી ટ્રમ્પ ઈરાનના યુદ્ધ કે ટેરિફ વિશેના કે ઈમિગ્રેશન કાર્યવાહીના નિર્ણયોની જાણ ટ્રુથ સોશિયલ પોસ્ટ દ્વારા લોકોને કરે છે.ટ્રમ્પની મિડિયા કંપનીના શેરનો ભાવ ટ્રમ્પ પ્રમુખ બન્યા તે પહેલાં ૪૦ ડોલર હતો તે ગગડીને દસ ડોલર પણ રહ્યો નથીયુએસના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને કંપનીના સાથી મોટા શેરહોલ્ડર તરીકે આ સેવાઓથી સીધો ફાયદો થશે. ગુરૂવારે આ પગલાંની જાહેરાત કરવામાં આવી હતી. ટ્રુથ પીએસઆઇ નામની આ સેવા લેનારા ગ્રાહકોને મિલીસેકન્ડમાં આ સમાચાર મળશે જેથી તેઓ તેનો લાભ શેરબજાર, બોન્ડ કે વ્યાજના દરના ફેરફારને આધારે મેળવી શકશે. અન્ય પ્લેટફોર્મની જેમ જ આ પ્લેટફોર્મ પર સર્વિસ ચાર્જ લેવામાં આવશે. ફર્ક માત્ર એટલો જ છે કે આ પ્લેટફોર્મ પર ખુદ યુએસના પ્રમુખની પોસ્ટ તમને બીજા કરતાં વહેલી મળશે.

નોંધપાત્ર બાબત એ છે કે પ્રમુખ ટ્રમ્પે ગયા વર્ષે સત્તા હાંસલ કરી ત્યારથી તેમની ટ્રમ્પ મિડિયા એન્ડ ટેકનોલોજી કંપનીના શેરના ભાવ ૭૦ ટકા તુટી ગયા છે. શેરધારકોએ તેના કારણે છ અબજ ડોલર્સ ગુમાવ્યા છે. જો કે ટ્રમ્પના ફાયનાન્શિયલ હોલ્ડિંગ અનુસાર તેમણે ગયા વર્ષે એક અબજ ડોલર્સની રેવન્યુ આ કંપનીઓમાંથી મેળવી હતી.અમેરિકન સરકારી કર્મચારીના હિતો તેના હોદ્દાની રૂએ ટકરાતાં હોય તો તેણે એ હિતો જતાં કરવા પડે છે. આ કાયદામાંથી પ્રમુખને બાકાત રાખવામાં આવ્યા છે. આમ છતાં અત્યાર સુધીના તમામ પ્રમુખોએ તેમને આ કાયદો લાગુ પડતો હોય તેમ તેમની સંપત્તિઓનો વહીવટ કર્યો હતો પણ ટ્રમ્પે આમ કરવાની ના પાડી હતી એટલું જ નહીં પ્રમુખ બન્યા પછી પણ તેમણે તેમના ક્રિપ્ટો સહિત અનેક નવા ધંધા શરૂ કર્યા હતા. જેમાં એક તો ન્યુક્લિયર ફ્યુઝનનો બિઝનેસ છે.

**ઈલેવાન ઠાકર**

### વી.એન.એસ.જી.યુ. ખાતે નવા વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે

# 'શિક્ષણ અને સ્વસ્થ માનસિક સ્વાસ્થ્ય' વિષય પર વિશેષ માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો



**• જે બી ટાંક, સુરત**

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના બાયોટેકનોલોજી વિભાગ અને 'મનોવૈજ્ઞાનિક સલાહ અને માર્ગદર્શન કેન્દ્ર' ના સંયુક્ત ઉપક્રમે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવીના પ્રેરક માર્ગદર્શન હેઠળ તા.૧૭/૦૭/૨૦૨૬ના રોજ નવા શૈક્ષણિક વર્ષના વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે 'વિદ્યાર્થી જીવનમાં શિક્ષણ અને સ્વસ્થ માનસિક સ્વાસ્થ્ય' વિષય પર એક વિશેષ જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મુખ્ય વક્તા અને સલાહકાર શ્રીમતિ વિશાખા એન. યાદવે "વર્ગખંડ થી યુનિવર્સિટી પરિસર: તમારી પહેલા વર્ષની સાધન સામગ્રી" વિષય પર વ્યાખ્યાન આપી શાળા અને યુનિવર્સિટી વચ્ચેના વાતાવરણના તફાવતને સ્પષ્ટ કર્યો હતો, તેમજ સંક્રાંતિકાળ દરમિયાન આવતી માનસિક મૂંઝવણોના મનોવૈજ્ઞાનિક અને વ્યવહારુ ઉકેલો સમજાવ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં પ્રોજેક્ટ ઓફિસરશ્રી દેવેન્દ્રનાથ કે. પટેલે યુનિવર્સિટી કેમ્પસના રસપ્રદ અનુભવો રજૂ કરી વાતાવરણ હળવું કર્યું હતું, જ્યારે અંતમાં પ્રેરણાત્મક સંગીત દ્વારા વિદ્યાર્થીઓમાં સકારાત્મક ઊર્જાનો સંચાર કરાયો હતો. ૨૦૦થી વધુ વાલીઓ અને વિદ્યાર્થીઓની ઉત્સાહભેર ઉપસ્થિતિ વચ્ચે યોજાયેલા આ કાર્યક્રમમાં બાયોટેકનોલોજી વિભાગના પ્રાધ્યાપકો અને કેન્દ્રના મનોવૈજ્ઞાનિક સલાહકારોએ પ્રશંસનીય ભૂમિકા ભજવી હતી, જે નવા પ્રવેશાર્થીઓ માટે અત્યંત પ્રેરણાદાયી સાબિત રહ્યો હતો.

### કેશડોલ સહાય મળી કુલ રૂ. 13.15 કરોડની સહાય ચૂકવવામાં આવી

# પ્રદેશ સહ પ્રવક્તા હેમાલીબેન બોઘાવાલાજી દ્વારા પત્રકાર પરિષદને સંબોધીત કરાઈ

**સુરતના પૂરગ્રસ્ત વેપારીઓ માટે રાજ્ય સરકારનું ઉદાર પુનઃવસન સહાય પેકેજ**

**• જે બી ટાંક, સુરત**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારે સુરત શહેર અને જિલ્લાના તાજેતરના ભારે વરસાદ તથા પૂરના કારણે અસરગ્રસ્ત વેપાર, વાણિજ્ય અને સેવાકીય એકમોને પુનઃસ્થાપિત કરવા માટે ઉદાર પુનઃવસન સહાય પેકેજ જાહેર કર્યું છે. આ પેકેજ હેઠળ લારી- ધારકોને રૂ. 7,500, નાની કેબિન ધારકોને રૂ. 25,000, મોટી કેબિન ધારકોને રૂ. 50,000 અને છેલ્લા ત્રિમાસિકનું GST રિટર્ન ભરનાર પાકી દુકાનધારકોને રૂ. 1 લાખની રોકડ સહાય આપવામાં આવશે. ઉપરાંત, વેપારીઓને રૂ. 20 લાખથી 30 લાખ સુધીની ટર્મ લોન પર ત્રણ વર્ષ માટે 7 ટકા વ્યાજ સહાય પણ આપવામાં આવશે. રોકડ સહાય માટેની અરજીઓ 30 સપ્ટેમ્બર, 2026 સુધી સ્વીકારવામાં આવશે, જ્યારે વ્યાજ સહાય માટે પેકેજના ઠરાવથી



છ મહિનાની અંદર અરજી કરી શકાશે રાજ્ય સરકારે સુરતના અસરગ્રસ્ત રહેણાંક અને વાણિજ્ય વિસ્તારોને એક વર્ષ માટે વેરામાફી આપવાનો પણ મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. અત્યાર સુધીમાં 19,256 પરિવારોને ઘરવખરી સહાય તથા 39,237 વ્યક્તિઓને કેશડોલ સહાય મળી કુલ રૂ. 13.15 કરોડની સહાય ચૂકવવામાં આવી છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારનો હેતુ અસરગ્રસ્ત વેપારીઓને ઝડપથી ફરી સ્વરોજગાર અને વ્યવસાય સાથે જોડીને સુરતના સ્થાનિક અર્થતંત્રને ઝડપથી પુનર્જીવિત કરવાનો છે. સાથે જ ભવિષ્યમાં આવી પરિસ્થિતિ ફરી ન સર્જાય તે માટે સુરતના ખાડી વિસ્તારો માટે લાંબા ગાળાનો સશક્ત એક્શન પ્લાન તૈયાર કરવા ઉચ્ચસ્તરીય સમિતિની રચના કરવામાં આવી છે. આ પ્રસંગે સુરત મહાનગર ભારતીય જનતા પાર્ટી મહામંત્રી શ્રીઓ દુર્ગા પ્રસાદ પાંડેજી,કરસનભાઈ ગોંડલીયા,વિરલભાઈ ગિલીટવાલા,સુરત મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર સુધાકર ભાઈ ચોધરી, શાસક પક્ષ નેતા અલ્પાબેન મહેતા,દંડક ઉર્મિલાબેન ત્રિપાઠી હાજર રહ્યા હતા.

### 4.65 કરોડ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત

# બાવળા-નાનોદરામાં રેતી માફિયાઓ પર ખાણ ખનિજ વિભાગ દરોડા



**• અમદાવાદ**

અમદાવાદ જિલ્લાના ખાણ ખનિજ વિભાગની ટીમ દ્વારા ગેરકાયદે ખનન અને વહન કરતા તત્વો સામે લાલઆંખ કરવામાં આવી છે. તંત્ર દ્વારા બાવળા અને તેની આસપાસના વિસ્તારોમાં એક જ દિવસમાં સપાટો બોલાવીને અંદાજે 4.65 કરોડ રૂપિયાની કિંમતનો મુદ્દામાલ સીઝ કરવામાં આવ્યો છે. ખાણ ખનિજ વિભાગની આ પ્રચંડ કાર્યવાહીથી ભૂમાફિયાઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.તપાસ ટીમ દ્વારા અલગ-અલગ વિસ્તારોમાં વોચ ગોઠવીને ગેરકાયદે ખનીજ વહન કરતા વાહનો ઝડપી પાડવામાં આવ્યા હતા. બાવળા-ચાંગોદર હાઈવે પર પાસ પરમિટ વગર સાદી રેતીનું બિનઅધિકૃત વહન કરતા 4 ડમ્પર ઝડપી લેવાયા હતા. રેથલ ગામમાંથી બ્લેકટ્રેપ ખનીજ ભરેલું એક ઓવરલોડ ડમ્પર સીઝ કરાયું હતું. જ્યારે અમદાવાદ રિંગ રોડ પરથી સાદી રેતીનું ગેરકાયદે વહન કરતું વધુ એક ડમ્પર તંત્રની પકડમાં આવ્યું હતું. આ ઉપરાંત નાનોદરા ગામમાંથી ખનન અને રેતી ચાળવાના 7 પ્લાન્ટ જપ્ત કરયા હતાતંત્ર દ્વારા આ તમામ વાહનો અને પ્લાન્ટ્સને સ્થળ પર જ સીઝ કરી દેવામાં આવ્યા છે અને તમામ કસૂરવારો સામે કાયદાના કડક નિયમો હેઠળ દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### વિવિધ તાલુકામાંથી 500થી વધુ ખેડૂતો મોરચામાં જોડાયા

# સુરતમાં ખેડૂતોનો બળવો: પાવરગ્રીડ લાઈનની કામગીરી સામે આક્રોશ

**વળતર નહીં તો ટાવર નહીં'ના નારા સાથે સરકારના પરિપત્રની કરી હોળી**

સુરત જિલ્લામાં પાવરગ્રીડ લાઈનની કામગીરી સામે ખેડૂતોનો આક્રોશ ચરમસીમાએ પહોંચ્યો છે. ખાનગી કંપની દ્વારા ખેડૂતોની જમીનમાં પાવરગ્રીડ લાઈન માટે ટાવર ઊભા કરવાની કામગીરી સામે અસરગ્રસ્ત ખેડૂતોએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે. આજે શનિવારે સુરત જિલ્લા કલેક્ટર કચેરી ખાતે મોટી સંખ્યામાં ખેડૂતો મોરચો લઈને પહોંચ્યા હતા અને કલેક્ટર કચેરીની બહાર જ સરકારના 4 જુલાઈના પરિપત્રની હોળી કરીને પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો.

પાવરગ્રીડ લાઈનના ટાવર ઊભા કરવાથી જમીનને થઈ રહેલા નુકસાન સામે સુરત જિલ્લાના વિવિધ તાલુકાના ખેડૂતો એકઠા થયા હતા. ઓલપાડ, માંગરોળ, કામરેજ, બારડોલી, મહુવા અને પલસાણા સહિતના વિસ્તારોમાંથી 500થી વધુ ખેડૂતો આ વિરોધ પ્રદર્શનમાં જોડાયા હતા. ખેડૂતોએ 'વળતર નહીં તો ટાવર નહીં'ના સૂત્રોચ્ચારો સાથે કલેક્ટર કચેરી ગજવી મૂકી હતી.સરકાર દ્વારા પાવરગ્રીડના ટાવર ઊભા કરવા બદલ અસરગ્રસ્ત ખેડૂતોને યોગ્ય વળતર મળી રહે તે માટે 4 જુલાઈના રોજ એક પરિપત્ર જાહેર કરવામાં આવ્યો હતો. જોકે, ખેડૂતોના મતે આ પરિપત્રમાં નક્કી કરાયેલું વળતર ખૂબ જ ઓછું છે અને તેનાથી ખેડૂતોને મોટું નુકસાન થઈ રહ્યું છે. આથી જ ખેડૂતોએ આ પરિપત્રનો સખત વિરોધ કરીને તેની હોળી કરી દીધી છે.ખેડૂત આગેવાનોએ સ્પષ્ટ કર્યું છે કે જો તેમની માંગણીઓ પૂરી કરવામાં નહીં આવે તો તેઓ કામગીરી થવા દેશે નહીં.

ખેડૂતોની મુખ્ય માંગણીઓ છે કે, વીજ ટાવર ઊભા કરવા બદલ ખેડૂતોને બજાર કિંમત પ્રમાણે ચાર ગણું વળતર ચૂકવવામાં આવે. જમીનના નુકસાન સામે ટાવર દીઠ 50,000નું ભાડું ચૂકવવામાં આવે. અથવા તો ખેડૂતોને થાંભલા દીઠ 2 કરોડનું વળતર આપવામાં આવે.ખાનગી કંપની દ્વારા થતી કામગીરીથી ખેડૂતોની કિંમતી જમીન બિનઉપજાઉ બની જવાની ભીતિ સેવાઈ રહી છે, જેને પગલે ખેડૂતો હવે આરપારની લડાઈના મૂડમાં જોવા મળી રહ્યા છે.

### મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન

# ઠાણે ખાડીની નીચે દેશની પ્રથમ દરિયાઈ ટનલનું બીજા મશીન સાથે ખોદકામ શરૂ

**વિક્રોલીથી BKC તરફ તેની 6 કિમીની સફર શરૂ કરી દીધી**

**• મુંબઈ**

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે મહારાષ્ટ્રના સાવલી (ઘણસોલી)થી વિક્રોલી તરફ બીજી ટનલ બોરિંગ મશીન દ્વારા આજ(18 જુલાઈ) થી ટનલ બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. કુલ 10 કિમીના અંતરમાંથી 7 કિમીનો ભાગ ઠાણે ખાડીની નીચે દેશની પ્રથમ દરિયાઈ ટનલનું બીજા મશીન સાથે ખોદકામ શરૂ કરવામાં આવ્યું છે.પ્રોજેક્ટના કુલ 21 કિમી લાંબા ભૂગર્ભ ટનલ સેક્શનમાંથી મુંબઈમાં સાવલી (ઘણસોલી) અને બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ(BKC) વચ્ચેનો 16 કિમીનો ભાગ ટનલ બોરિંગ મશીન(TBM) નો ઉપયોગ કરીને બનાવવામાં આવશે. પ્રથમ TBMએ 05 જુલાઈ 2026ના રોજ વિક્રોલીથી BKC તરફ તેની 6 કિમીની સફર શરૂ કરી દીધી છે. બાકીનો 5 કિમીનો સેક્શન NATM પદ્ધતિનો ઉપયોગ કરીને પહેલેથી જ પૂર્ણ કરી લેવામાં આવ્યો છે.

આ TBM ભારતમાં રેલવે ટનલ નિર્માણ માટે અત્યાર સુધી ઉપયોગમાં લેવાયેલા સૌથી મોટા મશીનોમાંનું એક છે. તેમાં 13.6 મીટર વ્યાસનું (એક 4 માળની ઈમારતની ઊંચાઈ જેટલું) વિશાળ કટરહેડ છે, તેનું વજન 3,200 ટન (500 એશિયન હાથીઓના વજન જેટલું) છે અને તેની કુલ લંબાઈ 96 મીટર છે. આ મશીન કટર વ્હીલ/હેડ, મેઈન બેરિંગ, જો ક્રશર, ઈરેક્ટર, મેઈન શીલ્ડ, ટેઈલ શીલ્ડ અને ટનલિંગ કામગીરીને સપોર્ટ કરતી 4 વિશિષ્ટ ગેન્ટ્રીઝ સહિત અનેક મહત્ત્વપૂર્ણ ઘટકો ધરાવે છે.

આ મશીન મિક્સશીલ્ડ પ્રકારના, સેમી-ઓટોમેટિક, સ્લરી-બેઝ્ડ TBM તરીકે કન્ફિગર થયેલું છે. મિક્સશીલ્ડ પદ્ધતિ ખોદકામ દરમિયાન ટનલના આગળના ભાગને સ્થિર રાખવા માટે દબાણયુક્ત લિક્વિડ બેન્ટોનાઈટ સ્લરી સર્કિટનો ઉપયોગ કરે છે. જટિલ અને પડકારજનક ભૌગોલિક પરિસ્થિતિઓમાંથી પસાર થવા માટે આ એક અત્યંત વિશ્વસનીય અને સાબિત થયેલી ટેકનોલોજી છે.મુંબઈ ઉપનગરીય વિસ્તારમાં જમીન બેસી જવાની પ્રક્રિયાને ચુસ્તપણે નિયંત્રિત કરવાની અને સપાટી પરની અડચણો ઘટાડવાની તેની શ્રેષ્ઠ ક્ષમતાને કારણે, શહેરી મુંબઈ સબર્બન સેક્ટરમાં ટનલ બનાવવા માટે આ મિક્સશીલ્ડ ટેકનોલોજી ખાસ અપનાવવામાં આવી છે. અદ્યતન સેમી-કન્ટીન્યુઅસ એડવાન્સ (SCA) સિસ્ટમ સાથે સંકલિત આ TBM, સેગમેન્ટ રિંગ-બિલ્ડિંગ કામગીરી અને ટનલ ફેસ ખોદકામની પ્રક્રિયા એકસાથે અને સુરક્ષિત રીતે હાથ ધરવાની મંજૂરી આપે છે. આ સાથે ચાલતી કામગીરી નેટ એડવાન્સ રેટને મહત્તમ બનાવે છે .

ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC)ની મહત્વપૂર્ણ પહેલ

# સ્પર્ધાત્મક પરીક્ષામાં અસફળ રહેલા તેજસ્વી ઉમેદવારો માટે રોજગારીના દ્વાર ખુલશે, ગુજરાત જાહેર સેવા આયોગે 'અવસર' મોડ્યૂલ વિકસાવ્યું

## ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC) તેજસ્વી ઉમેદવારો અને રોજગારીની તક વચ્ચે સેતુરૂપ ભૂમિકા ભજવશે



• ગાંધીનગર

ગુજરાત જાહેર સેવા આયોગે સ્પર્ધાત્મક પરીક્ષામાં અસફળ રહેલા પરંતુ તેજસ્વી હોય તેવા ઉમેદવારો માટે રોજગારીની તક ઉભી થાય તે માટે 'અવસર' મોડ્યૂલ વિકસાવ્યું છે. ગાંધીનગર ગુજરાત જાહેર સેવા આયોગના સચિવ શ્રી સુધીર પટેલે આ મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી. શ્રી સુધીર પટેલે આ અંગેની વિગતો આપતા જણાવ્યું હતું કે, જીપીએસસીની ભરતી પ્રક્રિયામાં ઈન્ટરવ્યૂ સુધી પહોંચેલા ઉમેદવારો પ્રિલિમ્સ અને મેઈન્સ પરીક્ષા ઉતીર્ણ કરીને ઈન્ટરવ્યૂ માટે પસંદ થયા હોય છે. એટલે કે તે ઉમેદવારો ભલે અસફળ રહ્યા પણ તે તેજસ્વી જરૂર હોય છે. આવા ઉમેદવારોને રોજગારીની તક પૂરી પાડવા માટે ગુજરાત જાહેર સેવા આયોગે આ અવસર મોડ્યૂલ વિકસાવ્યું છે.આ મોડ્યૂલની પૂર્વભૂમિકા આપતા શ્રી સુધીર પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત અને ભારત સરકારના જાહેર સાહસો, ખાનગી કંપનીઓ, સહકારી સંસ્થાઓ વગેરેમાં રોજગારીના અવસર મળે તથા આવી સંસ્થાઓને મહેનતુ, તેજસ્વી, ખંતીલા ઉમેદવારોનું માનવ સંસાધન ઉપ્લબ્ધ બને તે હેતુથી ગુજરાત જાહેર સેવા આયોગે ભરતી પ્રક્રિયાના આખરી પરિણામોમાં અસફળ રહેલા અને પ્રતીક્ષાયાદીમાં સમાવિષ્ટ ઉમેદવરાનો વિવિધ માન્ય સરકારી ક્ષેત્રો, જાહેર સાહસો તેમ જ પ્રતિષ્ઠીત ખાનગી સંસ્થાઓમાં રોજગારીની વૈકલ્પિક અને ઉત્કૃષ્ટ તક સરળતાથી મળી રહે તે માટે આયોગ એક મધ્યસ્થીની ભૂમિકા ભજવશે. સચિવશ્રીએ વધુ વિગતો આપતા કહ્યું હતું કે, આ યોજનાનો લાભ લેવા માટે ઉમેદવારની પૂર્વ સંમતિ અનિવાર્ય છે. જે ઉમેદવારો પોતાની વિગતો જેવી કે નામ, મોબાઈલ નંબર, ઈ-મેઈલ અને શૈક્ષણિક લાયકાત સંબંધિત સંસ્થાઓ સાથે શેર કરવા માંગતા હોય, તેમણે GPSC Ojas Portal - https://gpsc-ojas.gujarat.gov.in/ પર જઈને ઓનલાઈન સંમતિ આપવાની રહેશે. સુરક્ષાના ભાગરૂપે આ પ્રક્રિયામાં OTPની વ્યવસ્થા કરવામાં આવી છે. છેલ્લા પાંચ વર્ષમાં એટલે કે તા. ૧ જુલાઈ, ૨૦૨૬ પહેલા પૂર્ણ થયેલી ૪૧૫ કરતાં વધુ વર્ગ-૧ અને ૨ ની ભરતીના આખરી પરિણામમાં અસફળ કે પ્રતીક્ષાયાદીના ૧૮ હજાર કરતાં વધુ ઉમેદવારો આ મોડ્યુલ પર જઈને સંમતિ પત્રક સબમિટ કરી શકે છે. વધુમાં, ભવિષ્યની ભરતીઓમાં ઉમેદવારોને ફોર્મ ભરતી વખતે જ આ સંમતિ આપવાનો વિકલ્પ આપવામાં આવશે. GPSC દ્વારા વહીવટી, તબીબી, શૈક્ષણિક અને ટેકનિકલ કેડર મુજબ ડેટાબેઝ તૈયાર કરવામાં આવ્યો છે.માહિતીની સુરક્ષા બાબતે આયોગ ખૂબ જ ચુસ્ત છે, તેમ જણાવતા સચિવશ્રીએ કહ્યું કે, ઉમેદવારોનો ડેટા મેળવનાર સંસ્થા તેનો ઉપયોગ માત્ર રોજગારી આપવા સિવાય અન્ય કોઈ હેતુ માટે કરી શકશે નહીં, અને આ ડેટાની સુરક્ષાની સંપૂર્ણ જવાબદારી જે તે સંસ્થાની રહેશે. આયોગ માત્ર યોગ્ય સરકારી વિભાગો, PSUs અને માન્ય ખાનગી કંપનીઓને જ નિયંત્રિત એક્સેસ આપશે. વધુમાં, GPSC માત્ર એક 'માધ્યમ' તરીકે કાર્ય કરી રહ્યું છે, તેથી આ પ્લેટફોર્મ દ્વારા મળનારી નોકરીની શરતો, વેતન કે કાનૂની વિવાદો બાબતે આયોગની કોઈ સત્તાવાર કે કાનૂની જવાબદારી રહેશે નહીં. ઉમેદવારોને વધુ માહિતી માટે આયોગની સત્તાવાર વેબસાઈટનો અભ્યાસ કરવાનો સચિવશ્રી પટેલ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. (૧) માહિતીની સુરક્ષા (Data Privacy): આયોગ દ્વારા સંસ્થાને આપવામાં આવેલી માહિતીનો ઉપયોગ સંસ્થા રોજગારીનો અવસર આપવા સિવાય બીજા કોઈ હેતુ માટે ઉપયોગ કરી શકશે નહીં તથા તે બીજા કોઈને શેર કરી શકશે નહીં, તેવી સંસ્થા પાસેથી બાંહેધરી લેવામાં આવશે અને ડેટાની સુરક્ષાની સંપૂર્ણ જવાબદારી સંસ્થાની રહેશે.આયોગ દ્વારા ઉમેદવારોના ડેટાની સુરક્ષાનું ચુસ્ત પાલન કરવામાં આવશે. આ પ્લેટફોર્મ પર નોંધાયેલ પાત્ર સંસ્થાઓ સાથે ઉમેદવારની વિગતો જેવી કે ઉમેદવારનું નામ, મોબાઈલ નંબર, ઈમેઈલ આઈડી અને શૈક્ષણિક લાયકાત જ શેર કરવામાં આવશે. આયોગ પાસેથી માહિતી મેળવ્યા બાદ જે તે સંસ્થાને યોગ્ય લાગે તે ઉમેદવારોને સંસ્થાની ભરતી પ્રક્રિયામાંથી પસાર થયા બાદ ઉમેદવારની પસંદગી કરવામાં આવશે. (૨) ઉમેદવારની પૂર્વ સંમતિ (Candidate Consent): આ પ્લેટફોર્મ પર ઉમેદવારની વિગતો તેમની ઈચ્છા અને પૂર્વ સંમતિ બાદ જ ઉપલબ્ધ કરાવવામાં આવશે. ભવિષ્યમાં આવનારી નવીન જાહેરાતો માટે ઉમેદવારો અરજી કરતી વખતે જ GPSC-OJAS પોર્ટલ પર આ અંગે ઓનલાઈન સંમતિ આપી શકશે.(૩) ભૂતકાળની ભરતીના ઉમેદવારો માટે અવસરઃ આયોગ દ્વારા લેવાયેલી અને છેલ્લા ૫(પાંચ) વર્ષમાં પૂર્ણ થયેલી વર્ગ-૧ અને વર્ગ-૨ની ભરતી પ્રક્રિયાના આખરી પરિણામમાં અસફળ અને પ્રતિક્ષાયાદીમાં સમાવેશ થયેલ ઉમેદવારો આ યોજનાનો લાભ લઈ શકે તે માટે GPSC-OJAS પોર્ટલ પર 'અવસર' મોડ્યૂલમાં જઈને ઓનલાઈન સંમતિ પત્રક સબમિટ કરી શકશે.ઉમેદવારે જાહેરાત ક્રમાંક તથા કન્ફર્મેશન નંબર આપીને સંમતિ આપવાની રહેશે. ઉમેદવાર જે તે જાહેરાતનું વર્ષ સિલેક્ટ કરતાં તેને તે વર્ષની તમામ જાહેરાતોની વિગતો ઉપલબ્ધ થશે તથા જો ઉમેદવાર કન્ફર્મેશન નંબર ભૂલી ગયા હોય તો તેઓની કન્ફર્મેશન નંબર મેળવવાની વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે. કોઈ ઉમેદવારની જગ્યાએ બીજા કોઈ ઉમેદવાર આવી સંમતિ આપી ન શકે તે હેતુથી ઓટીપીની વ્યવસ્થા કરવામાં આવેલ છે. ઉમેદવારના રજીસ્ટર્ડ મોબાઈલ નંબર અને રજીસ્ટર્ડ ઈ-મેલ આઈ.ડી. પર ઓટીપી જશે અને આ ઓટીપી દાખલ કર્યા બાદ જ સંમતિની પ્રક્રિયા પૂર્ણ થશે.(૪) પાત્રતા માપદંડ : આ પ્લેટફોર્મ પર માત્ર કાયદેસર રીતે સ્થાપિત સરકારી વિભાગો, PSUs અને આયોગ દ્વારા માન્ય રાખેલ ખાનગી કંપનીઓને જ ઉમેદવારોની જરૂરિયાત મુજબ નિયંત્રિત એક્સેસ આપવામાં આવશે.(૫) આયોગની ભૂમિકા 'અવસર' અંતર્ગત ગુજરાત જાહેર સેવા આયોગ માત્ર એક 'માધ્યમ'તરીકે કાર્ય કરશે. આ પ્લેટફોર્મ મારફતે મળનારી ખાનગી કે જાહેર ક્ષેત્રની નોકરીની શરતો, વેતન ધોરણ, સેવા નિયમો કે કાનૂની વિવાદો બાબતે આયોગની કોઈ સત્તાવાર કે કાનૂની જવાબદારી રહેશે નહીં.આયોગ પાસે અવસરના નિયમોમાં ગમે ત્યારે ફેરફાર કરવાની અબાધિત સત્તા રહેશે.લાયક ઉમેદવારોને આ અંગેની વધુ માહિતી માટે આયોગની સત્તાવાર વેબસાઈટ https://gpsc.gujarat.gov.in અને GPSC-OJAS પોર્ટલ જોતા રહેવા માટે જણાવવામાં આવે છે.આ પત્રકાર પરિષદમાં ઈલેક્ટ્રોનિક અને દૈનિક અખબારના પ્રતિનિધિશ્રીઓ સહિત GPSCના અધિકારી-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રામોલમાં ફટાકડાની ફેક્ટરીમાં ભીષણ આગ, 9ના મોત નીપજ્યાં

• અમદાવાદ

અમદાવાદના વસ્ત્રાલમાં રામોલ-ગતરાડ રોડ પર આવેલી મહેમુદપુરા ટેલેન્ટ ફટાકડા ફેક્ટરીમાં 18 જુલાઈ, 2026ના રોજ ભીષણ આગ લાગી હતી. આ દુર્ઘટનામાં 9 લોકોના મોત અને 15 લોકો ઈજાગ્રસ્ત થયા છે. ફાયર વિભાગની 5 ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી બચાવ કામગીરી હાથ ધરી હતી. ગંભીર ઈજાગ્રસ્તોને LG અને સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. ફેક્ટરી મેહુલ ડોડિયા ચલાવતો હતો.

અમદાવાદના વસ્ત્રાલમાં ફટાકડાની ફેક્ટરીમાં ભીષણ આગનો બનાવ બન્યો છે. આગના બનાવની જાણ થતાં ફાયર વિભાગની પાંચ ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી છે. આ દુર્ઘટનામાં 8 લોકોના કમકમાટીભર્યા મોત અને 15 લોકો ઈજાગ્રસ્ત થયા હોવાનું જણાય છે.મળતી માહિતી મુજબ, અમદાવાદ શહેરના વસ્ત્રાલ વિસ્તારમાં 18 જુલાઈ, 2026ના બપોરના સમયે રામોલ-ગતરાડ રોડ પરની મહેમુદપુરા ટેલેન્ટ ફટાકડાની ફેક્ટરીમાં ભીષણ આગ લાગી છે. સમગ્ર ઘટનાને પગલે અસલાલી-મીની ફાઈટર, ગજરાજ, એમ્બ્યુલન્સ સહિતની ટીમ ઘટનાસ્થળે પહોંચી બચાવ કામગીરી હાથ ધરી છે.ઘટનામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત લોકોમાંથી 5ને એલજી હોસ્પિટલ અને 4 લોકોને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જ્યારે ઘટનાની જાણ થતાં મેયર, કમિશનર સ્થળ પર પહોંચ્યા છે. મેહુલ ડોડિયા નામનો વ્યક્તિ ફેક્ટરી ચલાવતો હોવાનું જણાય છે. દુર્ઘટનાને લઈને સાપરાધ મનુષ્ય વધનો ગુનો દાખવામાં આવ્યો છે.







RAF ઓફિસર રતુલ કુમારે જણાવ્યું હતું કે-'બપોરના સમયે અમે કેમ્પમાં હતા ત્યારે એક ખૂબ જ મોટો ધડાકાનો અવાજ સંભળાયો. અમારો કેમ્પ આ ઘટનાસ્થળથી આશરે 1 કિલોમીટર દૂર હતો. જેવો ધડાકાનો અવાજ સંભળાયો, એટલે તરત જ અમારી 'ક્વિક રિએક્શન ટીમ'એ પ્રયાસ કર્યો કે આ ધડાકો ક્યાં થયો છે. અમને માહિતી મળી કે કેમ્પથી દૂર એક ફટાકડાની ફેક્ટરીમાંથી આ અવાજ આવ્યો હતો. અમારી ક્વિક રિએક્શન ટીમ અને એમ્બ્યુલન્સ બચાવ કામગીરી માટે 5 મિનિટમાં જ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ત્યારબાદ 'એલર્ટ કંપની' પણ ઘટનાસ્થળએ પહોંચી ગઈ. તે જ સમયે અમે પોલીસ કંટ્રોલ રૂમ અને ફાયર સર્વિસને પણ જાણ કરી દીધી હતી. ઘટનાસ્થળે અમને કેટલાક મૃતદેહો અને કેટલાક ઈજાગ્રસ્તો જોવા મળ્યા. જેમને બહાર કાઢીને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.' સમગ્ર ઘટના અંગે સેક્ટર 2 JCPએ જણાવ્યું કે-'રામોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં RAFના કેમ્પની પાછળના વિસ્તારમાં રામોલ વસ્ત્રાલ રોડ ઉપર ખુલ્લી જગ્યામાં મેહુલ ડોડિયા નામનો એક વ્યક્તિ ફટાકડાની ફેકટરી ચલાવતો હતો. ફેક્ટરીનું લાયસન્સ પહેલાથી રદ થયેલું હોવા છતાં ફેક્ટરી ચલાવવામાં આવતી હતી. આ દુર્ઘટનામાં બ્લાસ્ટમાં પ્રથમ દ્રષ્ટિએ સ્થળ ઉપરથી આઠ જેટલાં લોકોની કેઝ્યુઅલ્ટી થઈ હોવાનું ધ્યાને આવ્યું છે. બાકી ઈજાગ્રસ્ત લોકોને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતાં RAFની ટીમ, સ્થાનિક પોલીસ અને મ્યુનિસિપલ કોર્પોરેશનની ફાયરની ટીમો સ્થળ ઉપર તાત્કાલિક દોડી પહોંચી હતી. FSL અને તમામ એજન્સીઓને ઘટનાસ્થળ પર બોલાવવામાં આવી છે.' ફટાકડાની ફેક્ટરીમાં થયેલી દુર્ઘટનાને લઈને વડાપ્રધાન મોદીએ સોશિયલ મીડિયામાં પોસ્ટ કરી દુઃખ વ્યકત કર્યું છે. આ સાથે PMNRF (પ્રાઈમ મિનિસ્ટર્સ નેશનલ રિલીફ ફંડ) માંથી પ્રત્યેક મૃતકના પરિવારોને 2 લાખ રૂપિયા અને ઈજાગ્રસ્તોને 50,000 રૂપિયા આર્થિક સહાય આપવાની જાહેરાત કરી છે. અમદાવાદના વસ્ત્રાલમાં રામોલ-ગતરાડ રોડ પર આવેલી મહેમુદપુરા ટેલેન્ટ ફટાકડા ફેક્ટરીમાં 18 જુલાઈ, 2026ના રોજ ભીષણ આગ લાગી હતી. આ દુર્ઘટનામાં 8 લોકોના મોત અને 15 લોકો ઈજાગ્રસ્ત થયા છે. ફાયર વિભાગની 5 ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી બચાવ કામગીરી હાથ ધરી હતી. ગંભીર ઈજાગ્રસ્તોને LG અને સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. ફેક્ટરી મેહુલ ડોડિયા ચલાવતો હતો.

યોગી મોડલથી અસામાજિક તત્વોમાં ફફડાટ

# ડભોઈમાં પોલીસ પર હુમલો કરનાર આરોપીનું મકાન તોડી પડાયું



• ડભોઈ

ડભોઈ માં જનતા નગર સોસાયટી માં રહેતા બે મુસ્લિમ પરિવારો વચ્ચે સામાન્ય બાબત ને લઈ મારામારી થઈ હતી.જે બાદ માં પોલીસે આરોપીની અટકાયત કરતા આરોપીએ રેફરલ હોસ્પિટલ માં પોલીસ જવાન ના માથા માં ઈંટ મારી દીધી હતી.જેથી તેની વિરુદ્ધ કાયદેસર ની કાર્યવાહી બાદ ચાર ઈસમો ને પાસા હેઠળ જેલ ભેગા કરાયા હતા.જ્યારે આજરોજ સૂરજ ફળિયા ખાતે દબાણ કરેલ મકાન ને તંત્ર ધ્વારા તોડી પડાયું હતું.

ડભોઈ માં પોલીસ પર હુમલો કરનાર રાજા સિકંદરભાઈ ગરાસિયા સહિત ચાર સામે કાયદેસર ની કાર્યવાહી કરાઈ હતી.જેઓ જામીન મુક્ત થયા હતા.જે બાદ માં ચારેય ની ભુજ ખાતે પાસા હેઠળ અટકાયત કરી જેલ ભેગાં કરાયા હતા.

જ્યારે પોલીસ ધ્વારા આકરી સજાના ભાગરૂપે તેના ગેરકાયદેસર બાંધકામ ને તોડી પાડવા પાલિકા માં દરખાસ્ત કરાઈ હતી.ડભોઈ નગર પાલિકા સહિત તંત્ર ની મંજૂરી બાદ પોલીસ બંદોબસ્ત સાથે સરકારી જમીન પર આવેલ તેનું ગેરકાયદેસર બાંધકામ બુલડોઝર ની મદદ થી આજરોજ તોડી પડાયું હતું.જેથી આરોપી ના પરિવાર માં તંત્ર ની કામગીરી ને લઈ ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો.

દાહોદ જીલ્લામાં 'આત્મા પ્રોજેક્ટ'ની અનોખી પહેલ

# દાહોદ છાબ તળાવ ખાતે શરૂ કરાયું 'પ્રાકૃતિક ખેત પેદાશ વેચાણ કેન્દ્ર'

• દેવગઢ બારીયા

દાહોદ જીલ્લાના નાગરિકોના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને તેમજ સ્થાનિક ખેડૂતોને આર્થિક રીતે સદ્ધર બનાવવાના હેતુથી સરકારના 'આત્મા પ્રોજેક્ટ' અંતર્ગત એક સરાહનીય પહેલ કરવામાં આવી છે. જેમાં દાહોદ જીલ્લાના પ્રખ્યાત છાબ તળાવ ખાતે 'પ્રાકૃતિક ખેત પેદાશ વેચાણ કેન્દ્ર' શરૂ કરવામાં આવ્યું છે. આ કેન્દ્રનો મુખ્ય ઉદ્દેશ્ય પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને કોઈ વચેટિયા વિના સીધા જ ગ્રાહકો સાથે જોડવાનો છે. જેથી ગ્રાહકોને વાજબી ભાવે શુદ્ધ ખોરાક મળી રહે. સંપૂર્ણ રીતે રાસાયણિક ખાતરમુક્ત અને સાત્વિક ચીજવસ્તુઓનું વેચાણ આ કેન્દ્ર પર સંપૂર્ણપણે પ્રાકૃતિક ખેત પદ્ધતિ (ઝેરમુક્ત અને ઓર્ગેનિક ખેતી) દ્વારા તૈયાર કરવામાં આવેલા શુદ્ધ અને સાત્વિક શાકભાજીનું વેચાણ કરવામાં આવે છે. આ ઉપરાંત રોજિંદા વપરાશમાં ઉપયોગી એવા વિવિધ કઠોળ-ચોખા અને જુદા-જુદા પ્રકારના શુદ્ધ લોટ પણ અહી ઉપલબ્ધ કરવામાં આવ્યા છે. આ કેન્દ્રની લોકપ્રિયતા વધારવા અને લોકોને વધુ સારો વિકલ્પ આપવા માટે આગામી દિવસોમાં અહી સવાર અને સાંજના સમયે સંપૂર્ણપણે પ્રાકૃતિક તેમજ ઘરે જ તૈયાર કરેલી સામગ્રીમાંથી બનેલા પૌષ્ટિક નાસ્તા-જમવાનું વેચાણ પણ શરૂ કરવામાં આવનાર છે. કેન્દ્ર ખાતે વેચાણ કરી રહેલા પ્રગતિશીલ ખેડૂત મંજુલાબેન જણાવ્યું. કે, તા. ૭ જુલાઈના રોજ રાજ્યમંત્રી રમેશભાઈ કટારાના વરદ હસ્તે આ સ્ટોરનો શુભારંભ કરવામાં આવ્યો હતો. અમને દાહોદની જનતા તરફથી અદ્ભુત પ્રતિસાદ સાંપડી રહ્યો છે. ચાલુ થયાના માત્ર એક જ અઠવાડિયામાં આ વેચાણ કેન્દ્ર થકી અમને રૂપિયા ૨૦,૦૦૦/- સુધીની આવક થઈ છે. જે દર્શાવે છે. કે, લોકો હવે સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત બની પ્રાકૃતિક ખોરાક તરફ વળી રહ્યા છે. આત્મા પ્રોજેક્ટના અધિકારીઓ અને પ્રગતિશીલ ખેડૂતો દ્વારા સમગ્ર દાહોદની જનતાને નમ્ર વિનંતી કરવામાં આવી છે. કે, તેઓ આ 'પ્રાકૃતિક ખેત પેદાશ વેચાણ કેન્દ્ર'ની અચૂક મુલાકાત લે. અને બજારમાં મળતા રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓથી યુક્ત શાકભાજીના બદલે અહીથી શુદ્ધ , ઝેરમુક્ત અને સાત્વિક શાકભાજી ખરીદીને પોતાના પરિવારને તંદુરસ્ત રાખે.

Printed / Published / Owned by ILEVAN H. THAKAR on behalf of ILEVAN H. THAKAR and Printed at JAY GRAPHICS AND PRINTERS, C/15, Vikram Chambers, Income Tax, Ashram Raod, Ahmedabad - 380 009.
Published at I-503, Pramukh Aura, Nr. Pramukh Nagar Bunglows, Pramukh Nagar Road, Kh-0 Road, Sargasan Char Rasta, GANDHINAGAR.(GUJ) • Editor : ILEVAN H. THAKAR


•સંક્ષિપ્ત સમાચાર

## સુરતના ઉધના ખાતેથી ગાંજા સાથે મહિલાની ધરપકડ કરાઇ



**સુરતઃ** 'NO DRUG'S IN SURAT CITY' અભિયાન હેઠળ ઉધના પોલીસે 6.080 કિલો ગાંજા સાથે એક મહિલાની ધરપકડ કરી છે. પોલીસે પૂજા W/O દેશરાજ રોય (ઉ.વ. 26)ને ઉધના રેલવે સ્ટેશન પાર્કિંગ ગેટ બહારથી ઝડપી પાડી હતી. તેની પાસેથી રૂ. 3,04,000 કિંમતનો 6.080 કિલો ગાંજો, એક મોબાઈલ ફોન અને રોકડા મળી કુલ રૂ. 3,15,620નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. આ મામલે ઉધના પોલીસ સ્ટેશનમાં NDPS Actની કલમ 8(C), 20(B)(II)(C) અને 29 હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## પીપણ નજીક ગાયોના ધણ સાથે બાઈક અથડાતા આશાસ્પદ યુવકનું મોત



**અમદાવાદ :** રાજ્યના હાઈવે અને માર્ગો પર રખડતા ઢોરનો ત્રાસ યથાવત્ રહ્યો છે, જે વધુ એક નિર્દોષ વાહનચાલક માટે જીવલેણ સાબિત થયો છે. અમદાવાદના સાણંદ-બાવળા હાઈવે પર પીંપણ ગામ નજીક ગત 16મી જુલાઈની રાત્રે રોડની વચોવચ અડીંગો જમાવીને બેઠેલી ગાયોના ધણ સાથે બાઈકચાલક યુવાન ધડાકાભેર અથડાયો હતો. આ ગમખ્વાર અકસ્માતમાં યુવકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. આ સમગ્ર ઘટના નજીકમાં લાગેલા સીસીટીવી (CCTV) કેમેરામાં કેદ થઈ છે.મળતી માહિતી અનુસાર, આ અકસ્માત 16મી જુલાઈની રાત્રિના આશરે સાડા આઠ વાગ્યાના સુમારે સર્જાયો હતો. એક યુવક પોતાના બાઈક પર સાણંદ-બાવળા રોડ પરથી પસાર થઈ રહ્યો હતો. આ દરમિયાન પીંપણ ગામ નજીક રસ્તાની વચ્ચે જ ગાયોનું આખું ધણ બેઠેલું હતું. રાત્રિના અંધારાના કારણે બાઈકચાલકને ગાયો ન દેખાતા તેનું બાઈક સીધું ગાયો સાથે જોરદાર રીતે અથડાયું હતું. ગાયો સાથે ભટકાયા બાદ બાઈકચાલક યુવક હવામાં ફંગોળાઈને રોડ પર જોરદાર રીતે પટકાયો હતો. માથાના તેમજ શરીરના અન્ય ભાગે ગંભીર ઈજાઓ પહોંચવાને કારણે યુવકે ઘટનાસ્થળે જ દમ તોડી દીધો હતો.આ ઘોર બેદરકારીના કારણે સર્જાયેલી ઘટનાને પગલે સાણંદ-બાવળા રોડ પર દૈનિક મુસાફરી કરતા વાહનચાલકો અને સ્થાનિકોમાં તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે આ હાઈવે પર અવારનવાર રખડતા ઢોરના કારણે નાના-મોટા અકસ્માતો સર્જાય છે. તંત્ર દ્વારા વારંવાર રજૂઆતો કરવા છતાં કોઈ કડક પગલાં ન લેવાતા આજે એક પરિવારે પોતાનો દીકરો ગુમાવવો પડ્યો છે, જેથી જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી રહી છે.

## સાણંદમાં છેડતીના આરોપમાં બે શખ્સોની પોલીસ દ્વારા ધોલાઇ

**સાણંદ :** સાણંદમાં ખાખી વર્દીનો રોફ અને કાયદો હાથમાં લેવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. સાણંદ પોલીસ મથકમાં છેડતીના બે શખ્સોની અટકાયત કર્યા બાદ, પોલીસે કાયદાકીય જોગવાઈઓ મુજબ કાર્યવાહી કરવાને બદલે તેને પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડમાં જ એક ઝાડ સાથે બાંધીને ઢોર માર માર્યો હતો. પોલીસની આ કથિત 'તાલિબાની સજા'નો ફોટો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં ચકચાર મચી ગઈ છે.મળતી માહિતી મુજબ, આ સમગ્ર વિવાદના મૂળમાં એક યુવતીની છેડતીનો કિસ્સો છે. થોડા દિવસો અગાઉ સાણંદની એક યુવતી તેના મંગેતર સાથે પાણીપુરી ખાવા ગઈ હતી, ત્યારે આ બંને શખ્સોએ તેનો હાથ પકડીને જાહેરમાં ગેરવર્તન કર્યું હતું. આ અસામાજિક તત્ત્વો અગાઉ પણ પીડિતાનો પીછો કરીને તેને સતત દબાણ કરી હેરાન કરતા હતા. આખરે કંટાળીને યુવતીએ હિંમત દાખવી સાણંદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બંને આરોપીઓને ઝડપી લીધા હતા.જ્યારે પોલીસ સ્ટેશનના પ્રીમાઈસીસમાં આરોપીઓને ઝાડ સાથે બાંધીને ફટકારવામાં આવી રહ્યા હતા, ત્યારે સાણંદ પોલીસ મથકના પીઆઇ(પોલીસ ઈન્સ્પેક્ટર) જાતે જ સાદા કપડામાં ત્યાં હાજર હતા. પોલીસની આ બર્બરતા જોઈને ત્યાં હાજર લોકોએ આ દૃશ્યો મોબાઈલમાં કેદ કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ પોલીસે તેનો મોબાઈલ પણ બળજબરીપૂર્વક છીનવી લીધો હોવાની માહિતી મળી છે. જો કે, તેમ છતાં આ ઘટનાનો ફોટો સોશિયલ મીડિયા પર લીક થઈ ગયો હતો.પોલીસ સ્ટેશનની અંદર જ માનવાધિકારના ધજાગરા ઉડાવતી આ ઘટના અંગે જ્યારે મીડિયા અને જાગૃત નાગરિકો દ્વારા સવાલો ઉઠાવવામાં આવ્યા હતાં.

### લોકહિતમ મમ કરણીયમ મંત્ર સાથે જોડાયેલ સંસ્થા

# વિસાવદર કેશવ ક્રેડિટ કો.ઓપરેટિવ શાખાની ત્રિવિધ કાર્યક્રમ સાથે સાધારણ સભા મળી

**સભાસદ સ્નેહમિલન, સભાસદ અભ્યાસ વર્ગ, શાખા સ્થાપના દિન ઉજવાયો**

•સી. વી. જોશી વિસાવદર

વિસાવદરમાં હાલ કેશવ ક્રેડિટ કો. ઓપરેટિવ સોસાયટી છેલ્લા નવ વર્ષ થયા લોકહિતમ મમ કરણીયમ સૂત્રને સાર્થક કરવા સભાસદો સાથે શાખાને વધુ વિસ્તૃત કરવા સામાન્ય સભાનું આયોજન કરવામાં આવેલ.

સૌ પ્રથમ મોબાઈલના માધ્યમથી ધ્યેય ગાન ગવાયું. બાદ મંચસ્થ મહાનુભવો તથા આમંત્રિતોના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય, ત્યારબાદ કેશવ ક્રેડિટ સોસાયટીના સંયોજક ઘનશ્યામભાઈ સાવલિયાએ કાર્યક્રમમાં ઉપસ્થિત તમામનું શાબ્દિક સ્વાગત કરેલ. ત્યારબાદ ઉપસ્થિત મહાનુભવોને હેન્ડ કરચિફ સાથ પુસ્તક અર્પણ કરી સન્માનિત કરેલ. બાદ સંસ્થાના પ્રભારી ચંદ્રવદનભાઈ ચૌહાણએ સંસ્થાનો ટૂંકો પરિચય તેમજ સંસ્થાની પ્રવૃત્તિઓ વિશે સૌને વાકેફ કરેલ.

ત્યારબાદ મહાનુભવો ડૉ.ભરતભાઈ ઝાલાવાડીયા, વિપુલભાઈ રાઠોડ (જોઈન્ટ એમડી), લીનાબેન કાવાણી (જુનાગઢ જિ.પં.પ્રમુખ), તથા પી.એસ.ગજેરા એ પ્રસંગ ઉચિત ઉદબોધનમાં જણાવેલ કે કેશવ ક્રેડિટ કો ઓપરેટિવ વિસાવદર શાખાએ છેલ્લા વર્ષોમાં સભાસદોને એક જૂટ કરી જરૂરિયાતમંદ સભાસદોને આર્થિક લોન અર્પણ કરી ઘણા પરિવારો આત્મનિર્ભર બન્યા. આ સંસ્થાએ ક્રાંતિકારી સંત પૂ. મુક્તાનંદબાપુના જીવન મંત્રને વણી લઈ પડેલાને ઉભો કરો ઉભેલાને ગતિ આપો, ગતિવાનને સાચી દિશા આપો અનુસાર નબળા, જરૂરિયાત વાળા સભાસદોને કેશવ ક્રેડિટ કો. ઓપરેટિવના માધ્યમથી આર્થિક ધિરાણ લઈ પરિવાર સાથે વેલસેટ થઈ ગુજરાન ચલાવવા શક્તિમાન બન્યા. કારણ આ સંસ્થાનો મુખ્ય હેતુ 'લોકહિતમ મમ કરણીયમ' ને સાર્થક કરી આજે ૧૦૯૦ જેટલા સભાસદો આ સંસ્થા સાથે જોડાયેલ છે.

વિશેષ સરાહનીય બાબત એ છે કે આ શાખાની હાલની વ્યવસ્થા કમિટી સાથે બેસી સભાસદોને સંસ્થાના તમામ નીતિ નિયમોથી વાકેફ કરી જરૂરિયાત મુજબ ધિરાણ આપી અનેક પરિવારોને સ્વનિર્ભર કર્યા.

કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો તથા આમંત્રિતો અંકિતભાઈ જીલ્કા, વિરેન્દ્રભાઈ સાવલિયા, નગરપાલિકા પ્રમુખ પ્રતિનિધિ ભરતભાઈ સોલંકી, વરિષ્ઠ પત્રકાર સી.વી.જોશી, મધુભાઈ પદમાણી, રમણીકભાઈ દુધાત્રા, ઉદયભાઈ મહેતા, પરસોત્તમભાઈ પદમાણી, અરવિંદભાઈ દુધાત, ભાદાભાઈ





પાંભર, રતિભાઈ હિરપરા, ભગવાનજીભાઈ વૈષ્ણવ, હરેશભાઈ સાવલિયા, ઘનશ્યામભાઈ માંડણકા તથા બહોળી સંખ્યામાં સભાસદો ઉપસ્થિત રહેલ.

સમગ્ર કાર્યક્રમનું સફળ અને સુંદર સંચાલન ચંદ્રવદનભાઈ ચૌહાણ એ કરેલ. કાર્યક્રમના અંતે સંસ્થાના બ્રાન્ચ મેનેજર પારસ ભાઈ ચાવડાએ ઉપસ્થિત તમામનો આભાર વ્યક્ત કરેલ. અંતમાં શાંતિ મંત્ર સાથે કાર્યક્રમને પૂર્ણાહુતિ. બાદ અલ્પાહાર લઈ સૌએ રાજીપો વ્યક્ત કરેલ. કાર્યક્રમની તમામ વ્યવસ્થા પારસભાઈ ચાવડા તથા ક્લાર્ક ભૌતિકભાઈ પડાયા દ્વારા કરવામાં આવેલ.

### પ્રજાની આશા આકાંક્ષાઓને કેન્દ્રસ્થાને રાખો

# વ્યારા ખાતે જનપ્રતિનિધિઓ સાથે ભાજપ પ્રમુખનો સંવાદ

**સરકારની જનકલ્યાણકારી યોજનાઓનો લાભ અંતિમ વ્યક્તિ સુધી પહોંચાડો : જગદીશ વિશ્વકર્મા**





વ્યારા

આજે વ્યારા ખાતે ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માએ ભાજપાના ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ સાથે સંવાદ કરી જનહિતલક્ષી કાર્યો અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી.આ પ્રસંગે તેમણે જનપ્રતિનિધિઓને પ્રજાની આશા આકાંક્ષાઓને કેન્દ્રસ્થાને રાખી વધુ સમર્પણભાવથી કાર્ય કરવા તથા સરકારની જનકલ્યાણકારી યોજનાઓનો લાભ અંતિમ વ્યક્તિ સુધી પહોંચાડવા આહ્વાન કર્યું હતું.

### 3 લાખની મત્તાની ચોરી કરી ફરાર

# સાણંદના પ્રખ્યાત ઉમિયા માતાજીના મંદિરમાં તસ્કરોનો સપાટો

**પવિત્ર ગર્ભગૃહને નિશાન બનાવી કિંમતી દાગીના ચોર્યા**

•અમદાવાદ

અમદાવાદના સાણંદ બાયપાસ રોડ પર આવેલા પ્રખ્યાત ઉમિયા માતાજીના મંદિરમાં 17 જુલાઈએ રાત્રે તસ્કરો ત્રાટકી ચોરીની મોટી ઘટનાને અંજામ આપ્યો હતો. તસ્કરોએ ગર્ભગૃહના તાળા તોડીને માતાજીના ચાંદીના છત્ર અને મૂર્તિ સહિત કુલ રૂ.3,00,000ની મત્તાની ચોરી કરી નાસી છૂટતા સમગ્ર પંથકમાં ભારે રોષ છવાયો છે.



પ્રાપ્ત વિગતો મુજબ, સાણંદ બાયપાસ રોડ પર આવેલા ઉમિયા માતાજીના મંદિરમાં રાત્રિના સમયે તસ્કરો આયોજનબદ્ધ રીતે ઘૂસ્યા હતા. અંધારાનો લાભ લઈ તસ્કરોએ મંદિરના મુખ્ય ગર્ભગૃહના તાળા તોડી અંદર પ્રવેશ કર્યો હતો. તસ્કરો ગર્ભગૃહમાંથી આશરે 2.5 થી 3 કિલો વજન ધરાવતું ચાંદીનું કિંમતી છત્ર (અંદાજિત કિંમત રૂ. 2.50 લાખ) તેમજ 500 ગ્રામની ચાંદીની પવિત્ર મૂર્તિ અને ભગવાનના અન્ય બગસરાના ગીલ્ટવાળા દાગીના મળી કુલ 3 લાખ રૂપિયાની મત્તા ચોરીને રફુચક્કર થઈ ગયા હતા. સવારે જ્યારે પૂજારી અને ટ્રસ્ટીઓ મંદિરે આવ્યા ત્યારે તાળા તૂટેલા જોઈને ચોંકી ઉઠ્યા હતા.મંદિરમાં ચોરીની ઘટના અંગે વર્ષ 2019થી ઉમિયા માતાજી મંદિરના ટ્રસ્ટી તરીકે સેવા આપતા કનુભાઈ ભીખાભાઈ પટેલે તાત્કાલિક સાણંદ પોલીસનો સંપર્ક કર્યો હતો અને આ મામલે ચોરીની ફરિયાદ નોંધાવી છે. ચોરીની ઘટનાને લઈને પોલીસ તંત્ર તાત્કાલિક હરકતમાં આવ્યું છે.સાણંદ પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી મંદિર પરિસરમાં અને બાયપાસ રોડ પર લાગેલા સીસીટીવી (CCTV) કેમેરાના ફૂટેજ મેળવી તસ્કરોનું સગડ મેળવવા માટે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

### બેઠકમાં ઘન કચરા વ્યવસ્થાપન અને જિલ્લા જળ તથા સ્વચ્છતા સમિતિની કામગીરીની પણ સમીક્ષા કરવામાં આવી

# ગાંધીનગર જિલ્લા કલેકટર કચેરી ખાતે સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ

**વહીવટી કામગીરીમાં ગતિશીલતા અને જનહિતના પ્રશ્નોના ત્વરિત ઉકેલ પર ભાર**

•ગાંધીનગર



ગાંધીનગર જિલ્લા કલેકટર કચેરી ખાતે જુલાઈ માસની 'જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિ'ની બેઠક નિવાસી અધિક કલેકટર વિપુલ ઠક્કરના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી.આ બેઠકમાં જિલ્લાના પડતર પ્રશ્નોના ઝડપી નિરાકરણ અને સરકારી યોજનાઓના અસરકારક અમલીકરણ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. બેઠક દરમિયાન, અધિક નિવાસી કલેકટર વિપુલ ઠક્કરે સરકારી વિભાગો વચ્ચે પરસ્પર સંકલન જળવાય અને વહીવટી કામગીરીમાં ગતિશીલતા આવે તે બાબત પર વિશેષ ભાર મૂક્યો હતો. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે,સંકલન બેઠકનો મુખ્ય હેતુ પ્રશ્નોનું સમાધાન કરવાનો છે, તેથી દરેક વિભાગના અધિકારીશ્રીઓએ માત્ર ચર્ચા પૂરતું મર્યાદિત ન રહેતા, સમસ્યાના નક્કર ઉકેલ માટે મક્કમતાથી કાર્ય કરવું જોઈએ.તેમણે પેન્શન કેસો, વહીવટી મંજૂરીઓ અને નાગરિકોની સુખાકારીને લગતા પ્રશ્નોને અંગે આ બેઠકમાં વિસ્તૃત ચર્ચા કરી હતી. આ સંકલન બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ રાજેશભાઈ પટેલ, માણસાના ધારાસભ્ય જે.એસ. પટેલ, ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલ અને કલોલના ધારાસભ્ય લક્ષ્મણજી ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા. ધારાસભ્યશ્રીઓ અને જિલ્લા પંચાયત પ્રમુખ દ્વારા જનહિતના વિવિધ પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા, જેના પર અધ્યક્ષશ્રીએ સંબંધિત વિભાગોને સમયમર્યાદામાં સકારાત્મક નિરાકરણ લાવવા સુચન કર્યું હતું. આ તકે DRDA ડાયરેક્ટર નીલોફર શેખે 'જન વિકાસ ઝુંબેશ ૨૦૨૬' અંગે વિગતવાર માહિતી આપી હતી. ૧ જુલાઈથી ૩૦ ઓગસ્ટ સુધી ચાલનારા આ અભિયાન અંતર્ગત કોઈપણ લાભાર્થી સરકારી લાભોથી વંચિત ન રહે અને ૧૦૦% સેચ્યુરેશન હાંસલ થાય તે દિશામાં કામ કરવા અનુરોધ કર્યો હતો. તથા આ દિશામાં સારી સારી કામગીરી કરનાર વિભાગોની કામગીરીને બિરદાવવામાં પણ આવી હતી.આ ઉપરાંત, બેઠકમાં ઘન કચરા વ્યવસ્થાપન અને જિલ્લા જળ તથા સ્વચ્છતા સમિતિની કામગીરીની પણ સમીક્ષા કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે,ગત માસની બેઠકના નિર્ણયોના ભાગરૂપે, આઈ.ટી.આઈ ગાંધીનગર દ્વારા 'મુખ્યમંત્રી એપ્રેન્ટિસ યોજના' તથા ડીઆરડીએ દ્વારા 'પ્રધાનમંત્રી આવાસ યોજના'ની કામગીરી અને પ્રગતિ અંગે પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં એડિશનલ કલેક્ટરઅમિત પરમાર સહિત જિલ્લાના વિવિધ સરકારી વિભાગોના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ગ્રાહક સુરક્ષા કાયદા અને ફરિયાદ નોંધાવવાની પ્રક્રિયા સમજાવાઇ

# ભારતીય માનક બ્યુરો-BIS દ્વારા દિવ્યાંગજનો માટે ગ્રાહક માર્ગદર્શિકા અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો





•જે બી ટાંક સુરત

ભારતીય માનક બ્યુરો(BIS)-સુરત દ્વારા સમાજ સુરક્ષા વિભાગ હેઠળ કાર્યરત ભિક્ષુક સ્વીકાર કેન્દ્ર ખાતે 'દિવ્યાંગજનો માટે ગ્રાહક માર્ગદર્શિકા' વિષય પર કાર્યક્રમ યોજાયો હતો. જેનો મુખ્ય હેતુ દિવ્યાંગોને ગ્રાહક તરીકે તેમના અધિકાર, ફરિયાદ નિવારણની વ્યવસ્થા, સુગમતા સંબંધિત વિવિધ સરકારી જોગવાઈઓ, યુનિક ડિસેબિલિટી આઈડી(UDID) અને 'સુગમ્ય ભારત અભિયાન'થી માહિતગાર કરવાનો હતો. આ સાથે જ રોજિંદા જીવનમાં વપરાતી ચીજવસ્તુઓની ગુણવત્તા, સુરક્ષા અને ભારતીય માનકોના(BIS) મહત્વ વિશે માહિતગાર કરાયા હતા. આ પ્રસંગે BIS સુરત શાખાના પ્રમુખ અને વૈજ્ઞાનિક-ઈ વિક્રાંતે પ્રાસંગિક સંબોધનમાં દિવ્યાંગજનો માટે ગુણવત્તાયુક્ત, સુરક્ષિત અને સરળતાથી ઉપયોગમાં લઈ શકાય તેવા ઉત્પાદનો તથા સેવાઓ સુનિશ્ચિત કરવામાં ભારતીય માનકોનું મહત્વ સમજાવ્યું હતું.

આ પ્રસંગે BIS સુરતના સંયુક્ત નિયામક અને વૈજ્ઞાનિક-ડી નિખિલ રાજે દરેક નાગરિકને પોતાના ગ્રાહક અધિકારો પ્રત્યે જાગૃત રહીને એક સર્વસમાવેશક અને ગ્રાહક-જાગૃત સમાજના નિર્માણમાં સહભાગી બનવા અપીલ કરી હતી.

કાર્યક્રમમાં મુખ્ય ટ્રેનર અને સંસાધન વ્યક્તિ મનોજ દેવીપુજકે ઉપસ્થિત દિવ્યાંગજનો અને સહભાગીઓને ગ્રાહક સુરક્ષા કાયદા અને ફરિયાદ નોંધાવવાની પ્રક્રિયા વિશે સરળ શૈલીમાં સમજણ આપી હતી. આ ઉપરાંત તેમણે યુનિક ડિસેબિલિટી આઈડી (UDID) કાર્ડ મેળવવાની રીત, તેના ફાયદા અને તેના દ્વારા મળતી વિવિધ સરકારી યોજનાઓ તેમજ સેવાઓનો લાભ કેવી રીતે મેળવી શકાય તેની વિગતવાર માહિતી આપી હતી.

કાર્યક્રમના અંતે યોજાયેલા સંવાદ સત્રમાં ઉપસ્થિત લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની મૂંઝવણો અને શંકાઓનું નિરાકરણ મેળવ્યું હતું.

### પંડિત દીનદયાળ ઉપાધ્યાય પ્રશિક્ષણ મહા અભિયાન

# સુરત મહાનગર પ્રશિક્ષણ વર્ગ શરૂ



•જે બી ટાંક સુરત

ભારતીય જનતા પાર્ટી - ગુજરાત પ્રદેશના માર્ગદર્શન હેઠળ આયોજિત 'પંડિત દીનદયાળ ઉપાધ્યાય પ્રશિક્ષણ મહાઅભિયાન - ૨૦૨૬'ઉમિયા ધામ મંદિર વરાછા રોડ અશ્વનિકુમાર ખાતે શરૂ થયેલ છે જેમાં આજ રોજ વોર્ડ ૧ થી ૩૦ ના કાર્યકર્તાઓ વિવિધ સત્રો માં વિવિધ વિષયો પર વિવિધ વક્તાઓ થકી પ્રશિક્ષિત થવાના છે આજ રોજ મહાનગર ના વોર્ડ ૧ થી ૩૦ ના કાર્યકર્તાઓનુ પ્રશિક્ષણ રાખવામાં આવ્યા હતુ જેમાં કુલ ૭ સત્રો યોજાયા પ્રથમ સત્રમાં મુખ્ય ઉદ્ઘાટક તરીકે દક્ષિણ ઝોન પ્રશિક્ષણ સહ સંયોજક ડો.પ્રકાશચંદ્રજી પટેલ પ્રશિક્ષણ પ્રભારી અને શહેર મહામંત્રી દુર્ગા પ્રસાદ પાંડેજી કરસનભાઈ ગોંડલીયા વિરલ ભાઈ ગિલીટવાલા ગુજરાત પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રીમંતી ઝંખના બેન પટેલ પ્રદેશ સહ પ્રવક્તા હેમાલી બેન બોઘાવાલા સુરત મહાનગર પ્રશિક્ષણ ના સંયોજક શૈલેષભાઈ પટેલ સહ સંયોજકો તેમજ તેમની ટીમ અને શહેર સંગઠનની ટીમ દ્વારા આયોજન કરાયું જેમા ઉપરોક્ત અગ્રણીઓની ગૌરવપૂર્ણ ઉપસ્થિતિ રહી હતી. આજના સત્રમા રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષભાઇ સંઘવીજી દ્વારા અભ્યાસ વર્ગમાં પધારેલ સહુ કાર્યકર્તાઓને વિશેષ માર્ગદર્શન આપ્યું હતું અને આ પ્રશિક્ષણ શાના માટે છે તે સંદર્ભે ખાસ સમજ આપી હતી ધારાસભ્ય કાંતિભાઈ બલર મનુભાઈ પટેલ આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા આ પ્રસંગે આગેવાનોએ કાર્યકર્તાઓને સંગઠનની વિચારધારા, રાષ્ટ્રપ્રથમ ના સંકલ્પ, સેવા, સમર્પણ અને સંગઠનને વધુ સશક્ત બનાવવાના મંત્ર સાથે માર્ગદર્શન આપ્યું. પ્રશિક્ષણ વર્ગ માં કાર્યકર્તાઓમાં નવી ઉર્જા, ઉત્સાહ અને સંગઠન પ્રત્યે વધુ સમર્પિત ભાવનાનું સંચાર થયું છે 'પ્રશિક્ષિત કાર્યકર્તા જ સશક્ત સંગઠનનો આધાર છે' ના સંકલ્પ સાથે યોજાયેલ આ કાર્યક્રમ કાર્યકર્તાઓ માટે પ્રેરણાદાયી અને માર્ગદર્શક સાબિત થયું